કિમંત ₹ ૧૦/-

# શ્રી સ્વામિનારાયણ માસિક

પ્રકાશન : દરમાસની ૧૧ તારીખે ● સળંગ અંક ૯૪-૯૫ ● ફેબ્રુઆરી-માર્ચ ૨૦૧૫

## શ્રી નરનારાયણદેવ મહોત્સવ વિશેષાંક



પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ - ૩૮૦૦૦૧

# आशीर्वादपत्रम्

Koshalendraprasad Pandey

સર્વાવતારી સર્વોપરિ ભગવાન
શ્રી સ્વામિનારાયણનું સર્વ પ્રથમ સર્જન
શ્રી નરનારાયણ દેવનું મંદિર, અને તેમાં પોતાના
સ્વહસ્તે સ્થાપિત, પોતાનું સ્વરૂપ એવા શ્રી
નરનારાયણ દેવનો ઉત્સવ હંમેશા સર્વોપરિજ
હોય છે. શ્રી નરનારાયણ દેવ પીઠસ્થાન થી
આયોજિત તમામ ઉત્સવોમાં "દર્શન"નું મુખ્યપણું
હોય છે

આ ઉત્સવને સફળ બનાવવામાં પોતાનું
તન શક્તિ મન અર્પણ કરનાર સંતો, તન, મન અને
ધન અર્પણ કરનાર દેશવિદેશના હરિભક્તો અને
વિશેષે રીતે સૌની [illegible] સરળતા કરનાર
સ્વયંસેવકોને અમારા પૂજ્ય પિતાશ્રીના શુભાશીર્વાદ
સહ અભિનંદન

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રીકોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

પ.પૂ. મોટા મહારાજશ્રી
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

પ.પૂ. લાલજી મહારાજ
શ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

Shree Swaminarayan Mandir
Kalupur, Ahmedabad - 380001

Shree Swaminarayan Bagh
Memnagar, Ahmedabad - 380053



# શ્રી સ્વામિનારાયણ


વર્ષ - ૮ ● અંક : ૯૪-૯૫
ફેબ્રુઆરી-માર્ચ-૨૦૧૫
(મૂળ વર્ષ ૪૭)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
www.swaminarayanmuseum.com
ફોન
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)



**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
www.swaminarayan.info
www.swaminarayan.in
એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in



**લવાજમ - વાર્ષિક : રૂા. ૫૦-૦૦**
● છુટક નકલ રૂા. ૧૦-૦૦


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨ | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩ | આરોગ્ય દિન | ૧૦ |
| ૦૪ | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી અમૃતવચનો | ૧૧ |
| ૦૫ | શ્રી નરનારાયણદેવ મહોત્સવ પ્રયોજન અને ફળશ્રુતિ | ૧૯ |
| ૦૬ | પર્યાવરણ દિન | ૨૫ |
| ૦૭ | શિલ્પી આનંદાનંદ સ્વામી | ૨૭ |
| ૦૮ | મહિલા દિન | ૩૧ |
| ૦૯ | સદા પ્રગટ શ્રી નરનારાયણદેવ | ૩૫ |
| ૧૦ | પરિવાર દિન | ૩૯ |
| ૧૧ | ઉપાસ્ય સ્વરૂપની સમજણ | ૪૭ |
| ૧૨ | શ્રી નરનારાયણદેવ મહોત્સવ | ૫૭ |
| ૧૩ | ભાગ્ય મોટાં એ ભૂમિના જ્યાં પધાર્યા પોતે ઘણી | ૬૩ |
| ૧૪ | શ્રી નરનારાયણદેવ મહોત્સવ એક વિશિષ્ટ ઉત્સવ | ૭૧ |
| ૧૫ | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૭૩ |
| ૧૬ | ભક્તિસુધા | ૭૯ |

# અસ્મદીયમ્

શ્રી નરનારાયણદેવ મહામહોત્સવનું સ્મરણ સૌના હૃદયમાં સદાય રહેશે. આવા મહોત્સવો ઉજવવાનું પ્રયોજન એજ છે કે અનેક જીવ મહારાજના આશ્રિત થાય અને ધીરે ધીરે સત્સંગી બનીને પોતાનું આત્યંતિક કલ્યાણ સહેજે સહેજે થાય તે જ આવા મહામહોત્સવ ઉજવવાનું હાર્દ છે. પાંચ દિવસના આ મહોત્સવમાં હજારો મુમુક્ષુઓએ દેવ દર્શન, ધર્મકુળ દર્શન, કથા શ્રવણ, મહાવિષ્ણુયાગ, મહા પૂજા અને અખંડ ધૂનમાં બેસીને પોતાનું જીવીત્વ ખરેખર સાર્થક કર્યું. આપણા દરેક ઉત્સવો એક એકથી ચડીયાતા ઉજવાતા આવ્યા છે.

સ.ગુ. આનંદાનંદ સ્વામીએ સંપ્રદાયમાં સૌ પ્રથમ શ્રીહરિની આજ્ઞાથી અમદાવાદ શહેરમાં ભવ્ય ત્રણ શિખરનું મંદિર નિર્માણ કરાવ્યું અને શ્રીજી મહારાજે સંવત ૧૮૭૮ ના ફાગણ સુદ-૩ ત્રીજના સ્વસ્વરૂપ શ્રી નરનારાયણદેવને બાથમાં લઈ પધરાવી મોક્ષનું દ્વાર ખુલ્લું મૂક્યું. આપણા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી કે પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી હમેંશા પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવને જ આગળ રાખે છે. કારણ કે શ્રી નરનારાયણદેવ એ સ્વયં શ્રીહરિ પોતે છે.

‘‘અમે વારે વારે શ્રી નરનારાયણદેવનું મુખ્યપણું લાવીએ છીએ, તેનું તો એ જ હારદ છે જે, શ્રી કૃષ્ણ પુરુષોત્તમ અક્ષરધામના ધામી જે શ્રી નરનારાયણ તેજ આ સભામાં નિત્ય બિરાજે છે. તે સારું મુખ્યપણું લાવીએ છીએ અને તે સારું અમે અમારું રૂપ જાણીને લાખો રૂપિયાનું ખરચ કરીને શિખરબંધ મંદિર શ્રી અમદાવાદમાં કરાવીને શ્રી નરનારાયણની મૂર્તિયુ પ્રથમ પધરાવી છે.

માટે આપણે તો આવા દેવને મૂકીને ક્યાંય જાવું નથી એ નક્કી વાત છે. શ્રી નરનારાયણદેવ મહામહોત્સવના જેણે જેણે દર્શન કર્યા તેના મુખેથી આજ શબ્દ સાંભળવા મળે કે આવો ઉત્સવ અમે અમારા જીવનમાં માણ્યો તેનું જે સુખ પ્રાપ્ત થયું છે તેની કોઈ કલ્પના ન થાય.

આ મહોત્સવના વિશેષાંક દ્વારા ઉત્સવની સ્મૃતિ રહે અને આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને ભાવિ આચાર્ય મહારાજશ્રીના સાનિધ્યમાં કાયમ આવા મહોત્સવો ઉજવાતા રહે અને તે દ્વારા લાખો લોકોનું શ્રેય અને કલ્યાણ થાય તેવી પરમકૃપાળુ

શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

તંત્રીશ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ



## પ.પૂ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની

# તવારિખ (જાન્યુઆરી-૨૦૧૫)

૧ શ્રી સ્વામિનારાયણ મંદિર કેરા (કચ્છ) પધરામણી.

૨ શ્રી સ્વામિનારાયણ મંદિર લવારપુર-બાવળા કથા પ્રસંગે પધરામણી.

૩ શ્રી સ્વામિનારાયણ મંદિર કુહા શાકોત્સવ પ્રસંગે .

૪ સાંજે ભુજ (કચ્છ) પધરામણી.
શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ શાકોત્સવ પ્રસંગે.

૫ કડી ગામે કથા પ્રસંગે પધરામણી.

૬ શ્રી સ્વામિનારાયણ મંદિર સંસ્કારધામ હાથીજણ પારાયણ પ્રસંગે પધરામણી.

૭ શ્રી સ્વામિનારાયણ મંદિર નિકોલ મહાપૂજા પ્રસંગે.
પ.ભ. હિતેષભાઈને ત્યાં પધરામણી, શિલજ.

૮ શ્રી સ્વામિનારાયણ મંદિર જામસર (હાલાર) શાકોત્સવ પ્રસંગે પધરામણી.

૯ શ્રી સ્વામિનારાયણ મંદિર બાલવા શાકોત્સવ પ્રસંગે પધરામણી ત્યાંથી ઉનાવા પધરામણી.

૧૦ વિશ્વમંગલ ગુરુકુલ કલોલ કથા પ્રસંગે અને ત્યાંથી કલ્યાણપુરા પધરામણી .
સાંજે શ્રી સ્વામિનારાયણ મંદિર અંજલી શાકોત્સવ પ્રસંગે પધરામણી.

૧૧ ભીમપુરા ગામે પધરામણી.
બપોરે શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર સેક.-૨.
સાંજે શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા દ્વારા આયોજીત શાકોત્સવ પ્રસંગે ઉમિયા કેમ્પસ, સોલા.

૧૨-૧૩ ગોલીયા (રાજ.) થી વાલી શ્રી સ્વામિનારાયણ મંદિર સંત-હરિભક્તોની પદયાત્રામાં આશીર્વાદ આપવા પધાર્યા.

૧૪ થી ૧૮ કલિવલેન્ડ (અમેરિકા) પ.ભ. શ્રી પ્રકાશભાઈ પટેલની ખબર અંતર નિમિત્તે પધરામણી.

૨૦ શ્રી સ્વામિનારાયણ મંદિર માણેકપુર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૧ ઈન્દ્રપુરા ગામે શાકોત્સવ પ્રસંગે પધરામણી.સાંજે નાથદ્વારા પધરામણી.



૨૨ શ્રી સ્વામિનારાયણ મંદિર નાથદ્વારા પાટોત્સવ-પારાયણ પ્રસંગે પધરામણી.
૨૩ શ્રી સ્વામિનારાયણ મંદિર ઉવારસદ કથા પ્રસંગે પધરામણી.
૨૪ શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી વસંત પંચમી પ્રસંગે પધરામણી.
૨૭ શ્રી સ્વામિનારાયણ મંદિર ટોરડા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૯ શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણપુરા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૩૦ ઘોડાસર હરિભક્તને ત્યાં પધરામણી.

**(ફેબ્રુઆરી-૨૦૧૫)**

૧ શ્રી સ્વામિનારાયણ મંદિર મોખાસણ કથા પાટોત્સવ પ્રસંગે પધરામણી
૨ શ્રી સ્વામિનારાયણ મંદિર અંજલી પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૩ શ્રી સ્વામિનારાયણ મંદિર વિજાપુર (વજીબાનું) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૪ શ્રી સ્વામિનારાયણ મંદિર ગોઠીબ (પંચમહાલ) પધરામણી.
૫ શ્રી સ્વામિનારાયણ મંદિર ભાઉપુરા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૬ શ્રી સ્વામિનારાયણ મંદિર મહેસાણા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૭ લીંબડી-રણજીતગઢ (મૂળીદેશ) ગામે શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૮ શ્રી સ્વામિનારાયણ મંદિર લુણાવાડા શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૯ શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૦ શ્રી સ્વામિનારાયણ મંદિર મોરબી પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૧ શ્રી સ્વામિનારાયણ મંદિર પ્રતાપપુરા (કલોલ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૧૨ શ્રી સ્વામિનારાયણ મંદિર ડાંગરવા કથા પ્રસંગે પધરામણી.
૧૩ શ્રી સ્વામિનારાયણ મંદિર મહિસા વાસણા શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૧૮ મોટેરા ગામે પધરામણી.
૧૯-૨૦ શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ (કચ્છ) પધરામણી.
૨૧ પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવ (કાલુપુર મંદિર)નો ૧૯૩ મો પાટોત્સવ પોતાના વરદ્ હસ્તે ઉજવાયો.
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ સ્થાપના દિન પોતાના વરદ્ હસ્તે ઉજવાયો.
૨૨ શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) બાલાસિનોર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૨૩ શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૪ શ્રી સ્વામિનારાયણ મંદિર કુકરવાડા કથા પ્રસંગે પધરામણી.
૨૫ શ્રી સ્વામિનારાયણ મંદિર ટાંકીયા કથા પ્રસંગે પધરામણી.
૨૬ શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ (બાપુનગર) પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૮ મુંબઈ પધરામણી.



# तैयारी


















# पोथीयात्रा




# ઉદ્‌ઘાટન













# આરોગ્ય દિન



શ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી અમૃતવચનો


સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા
(હીરાવાડી-બાપુનગર)


શ્રી સ્વામિનારાયણ ભગવાને વિશ્વનું સૌ પ્રથમ સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં કરાવ્યું અને તેમાં પોતાનું જ સ્વરૂપ જે શ્રી નરનારાયણદેવ બાથમાં લઈને પધરાવ્યા છે. તેમાં અને શ્રી સ્વામિનારાયણ ભગવાનમાં લેશમાત્ર ભેદ નથી. આ મહારાજનું વચન છે. તો આ દેવ માટે જે સુવર્ણ સિંહાસન થયું, મંદિરનો જીર્ણોધ્ધાર થયો તેમાં દેવને કંઈ ફેર પડતો નથી. સોનું હોય કે લોઢું હોય તેના બનાવનાર અને માલિક ભગવાન છે. માટે આપણે દેવને આપી આપીને શું આપીએ ? સોનાથી દેવને તોલી શકાતા નથી. પરંતુ તેની પાછળની જે ભાવના છે તે મહત્વની છે. ભાવથી દેવને કંઈ પણ આપીએ તેનો દેવ સ્વીકાર કરે છે. સોનું આપીને પણ આપણે દેવ પર ઉપકાર નથી કરતા. પરંતુ દેવ આપણું સ્વીકારીને આપણા પર ઉપકાર કરે છે. કારણ કે આપણો એક એક શ્વાસ અને આપણું અસ્તિત્વ આ નરનારાયણદેવના પ્રતાપે જ છે. તેથી આપણે સદાય દેવના ઋણી છીએ. માટે જે જે યજમાનોએ સિંહાસન તેમજ જીર્ણોધ્ધારમાં પોતાનું યોગદાન આપ્યું છે તે ધન્યવાદને પાત્ર છે. મંદિરના જીર્ણોધ્ધારની સાથે સાથે આવા ઉત્સવ - સમૈયાના માધ્યમથી આપણા જીવનનો પણ જીર્ણોદ્ધાર થતો હોય છે.





શ્રી નરનારાયણાદિક દેવોના સુવર્ણ સિંહાસનમાં કેટલાક ભક્તોએ પોતાની સોનાની વીંટી, નાકની નથણી, પગના ઝાંઝર આદિક દાગીના પણ આપ્યા છે. સુવર્ણ સિંહાસનમાં જે ચમક દેખાય છે તે માત્ર સોનાના ગળીયાની નથી પરંતુ આવા ભક્તોની સમર્પણ ભાવનાથી તેમાં ચમક દેખાય છે. કેટલાક લોકો પૈસાનો વિરોધ કરતા હોય છે. પરંતુ પૈસા વિના ગાડીનું ડિઝલ કે પેટ્રોલ આવતુ નથી. કોઈ ચાલીને અહીં આવતું નથી અને ચાલીને પહોંચાય પણ નહી. એટલે કોઈ વસ્તુ પદાર્થ કે ટેકનોલોજી ખરાબ નથી પરંતુ તેનો ઉપયોગ આપણે કેવી રીતે કરીએ છીએ તે મહત્વનું છે. જાડા કપડા પહેરવા કે પતરમાં જમવું એ કંઈ ત્યાગનું માપ નથી. પરંતુ આપણે દેવના થઈને કેટલા રહીએ છીએ તે જ ત્યાગનું સાચું માપ છે. અમારા આ સંતો દેવને સમર્પિત છે. અને દેવની આજ્ઞામાં વર્તે છે. માટે અમને ખૂબ વહાલા છે. સંતો અમારું બળ છે. હુંફ છે. હરિભક્તોનો ભાવ પ્રેમ, મુખ પરની સ્માઈલ અમને સત્સંગ માટે ૩૬૫ દિવસ દોડતા રાખે છે. નહીં તો શિક્ષાપત્રી ખોલીને જો જો, મહારાજે અમને ક્યાં આ સોંપ્યું છે. મૂર્તિ પ્રતિષ્ઠા કરીને તથા ગુરુમંત્ર આપીને એ.સી. ચાલું કરીને પડ્યા ન રહીએ ! પરંતુ ના, તમે સૌ દેવના છો તો આચાર્ય તમારા છે. કારણ કે આચાર્ય પણ દેવના જ છે. માટે આપણો આ એક પરિવાર બને છે. અમને ઘણા કહેતા હોય છે કે તમે અહીં કેમ આવતા નથી ? આવો તો..... ના, ના, અમારે ક્યાંય જવાની જરૂર નથી. અમે કોઈ સંસ્થાના વેચાણ નથી. અમે તો દેવના વેચાણ છીએ અને દેવ માટે જ કામ કરીએ છીએ. શ્રી નરનારાયણદેવ દેશમાં દેશ વિદેશમાં સત્સંગનો જે વ્યાપ અને આપણા મંદિરો જોઈ રહ્યા છીએ તેના મૂળ પૂ. મોટા બાપજીએ પોષયા છે. તેઓનો પરિશ્રમ અને ત્યાગના કારણે આજે આપણે આંબાની પાકી કેરી ખાઈ રહ્યાં છીએ.

અમે બે દિવસ પહેલા રસોડે ચાલતા જઈ રહ્યા હતા. ત્યારે બે બહેનો અને આજે એક માજી રસ્તામાં જ જનમંગલ નામાવલિ ખોલીને તેનો પાઠ ખૂબ એકાગ્ર ચિત્તથી કરી રહ્યા હતા. અમારી સામે પણ તેની દષ્ટિ નહોતી પડી એટલા મશગૂલ હતા. સારુ થયું અમે પણ તેઓને ઓળખતા નહોતા. પરંતુ અહીં આ વાતનો ઉલ્લેખ કરવાનું કારણ એ છે કે તે સમયે અમને વિચાર આવ્યો કે આવા ભક્તોનો જે ભક્તિભાવ છે તે જ આ ઉત્સવની સફળતાનું રહસ્ય છે. બાકી લોકોને ભેગા કરીને નાટક થઈ શકે, પરંતુ આવો સમૈયો ન થાય. બોલીવુડના કોઈ એકટરને લાવીએ તો પણ અહીં આખું અમદાવાદ તમાસો જોવા ભેગું થાય, પરંતુ આપણે માણસો ભેગા નથી કરવા, આપણે તો ભગવાનના ભક્તો ભેગા કરવા છે. આપણો આ સત્સંગ પરિવાર છે. તેમાં કોઈનો પણ અવગુણ ન લેશો. દરેકનો ગુણ જ ગ્રહણ કરવો. કંઠી પહેરવાથી તુરંત જ કોઈ સંપૂર્ણ સત્સંગી થઈ જતું નથી. સત્સંગની પરિપકવતા એ એક લાંબી પ્રોસેસ છે. બે વર્ષ, પાંચ વર્ષ, દસ - વીસ એમ લાંબા ટાઈમ સુધી સત્સંગમાં રહેવાથી માણસની સ્વભાવ પ્રકૃતિ ટળતી હોય છે. માટે દરેકનો ગુણ લેશો તો જ સુખ આવશે. ગમે તેવો ભક્ત કદમાં નાનો હોય કે પૈસાથી નાનો-મોટો હોય, કોઈનું ક્યારેય અપમાન ન કરવું. કોઈના જજ બનવાની આપણે જરૂર નથી. કોઈ બે માળા ઓછી ફેરવે કે

બે દંડવત પ્રદક્ષિણા ઓછા કરે તે જોવાનું આપણને ક્યાં કોઈએ સોંપ્યું છે ? અને કોઈ આપણા વિશે કંઈ ટીકા કરતા હોય તો એમ માનવાનું કે હું પોતે જ જ્યારે મારા માટે ટાઈમ કાઢી નથી શકતો તો પેલો બિચારો મારા માટે મફતમાં કેવો ટાઈમ કાઢી રહ્યો છે !

ઉત્સવમાં રાજસ્થાન, પંચમહાલ, સાબરકાંઠા, કચ્છ તેમજ વિદેશ અને દૂર દૂરથી ભક્તજનો આવ્યા છે. તેથી દેશો દેશના હરિભક્તોની સભા એ શબ્દ સાર્થક થયો છે. રાજસ્થાનના લાલ પાઘડી વાળા ભક્તો તમે જે જુઓ છો તે ભક્તો શ્રીમંત ભક્તોના બેડરૂમ કરતા પણ નાના મંદિરોમાં બેસીને મહારાજનું ખૂબ જ સુંદર ભજન કરે છે. કીર્તન ભક્તિનું અંગ તેઓનું અજોડ છે. કેટલાક મંદિરોમાં તો પંખા પણ નથી. ફક્ત ભજન-ભક્તિ જ નહી પરંતુ આ ઉત્સવમાં તમે જે લાડવા જમ્યા છો તેનું સંપૂર્ણ ઘી પણ તેઓએ આપ્યું છે ! તન, મન, ધન કરતા પણ જે સમયનું દાન છે તે હાલના સમયમાં ખૂબ મહત્વનું છે. કારણ કે અમે જોયું છે કે મહંત સ્વામી કોઈને યજ્ઞના યજમાન બનવા માટે પ્રેરણા કરતા હોય ત્યારે જવાબ મળતો હોય છે કે સ્વામી ! બે લાખ રૂપિયા લઈ જાઓ પરંતુ યજ્ઞમાં બેસવાની વાત ન કરશો. ટાઈમ નથી, બરડો ફાડી જાય છે. એમ કહીને રૂપિયા આપીને છૂટી જાય. જ્યારે તમે એક જગ્યાએ બેસીને દરરોજ ચાર-પાંચ કલાક ભગવાનની કથાનું શ્રવણ કરો છો તેનાથી નરનારાયણદેવના કેટલાય વર્ષોના તપનું ફળ તમને મળી જતું હોય છે.

કેટલાક ભક્તો મહારાજના નામનો મંત્ર જપ કરતા હોય છે ત્યારે પેલું મંત્ર ગણવાનું ટકટકિયું લઈને બેઠા હોય છે. અરે ભાઈ ! મહારાજ કંઈ ગણિતના ટીચર નથી કે તારા મંત્રનો હિસાબ રાખે ! એના કરતા એમ જ મહારાજનું સ્મરણ કર્યા કરને ! મહારાજ આપણને કેટલું આપે છે તેનો ક્યાં ક્યાંય હિસાબ રાખે છે? કેટલાક તો વળી માળા એટલી ઝડપથી ફેરવતા હોય છે કે જાણે માળા હમણા ગૌમુખી ફાડીને બહાર આવશે ! માળા ઝડપથી ફરવાનું કારણ તેનું મગજ પણ બહુ ફાસ્ટ ચાલતું હોય છે. મગજ બહુ ફાસ્ટ ચાલે એટલે પછી માથું દુઃખવા માંડે. બે માળા ભલે ઓછી થાય પરંતુ મહારાજની મૂર્તિમાં મન પરોવીને એકાગ્ર ચિત્તથી માળા કરી હોય તો માથાનો દુઃખાવો જતો રહે છે.

ગરમ રસોઈ જમાડતા. એક સમયે ગંગામાં બહાર ગયા એટલે ગંગામાના ઘરની જગ્યાએ મંદિર બનાવવા માટે મહારાજે સંતો, પાર્ષદો અને હરિભક્તોની મદદ લઈને તેમનું મકાન પાડી નાખ્યું. ગંગામાં આવ્યા ત્યારે મહારાજ તથા સંતો પર ખૂબ ખિજાયા. ત્યારે સત્સંગના એક દ્વેષી બાવાને એમ થયું કે આજે મારે બોલવાનો લાગ છે. એટલે ગંગામાના પક્ષમાં ભળીને કહે કે માજી ! હું તમને પહેલેથી જ કહેતો હતો કે આ સ્વામિનારાયણ આવા છે. ત્યારે ગંગામાએ બાજુમાં પડેલો એક મોટો ઢેફાળો ઉંચકીને બાવાના લમણા પર માર્યો અને કહ્યું કે મારા પીટ્યા, તને વચ્ચે કોણે બોલવાનું કહ્યું ? આ તો અમારા ઘરનો સવાલ છે. અમે અમારા દીકરાને ગમે તે કહીએ ! એમ આપણા આ પરિવારમાં તમે અમને કહો કે અમે તમને કહીએ પરંતુ છેવટે આપણે બધા ભેગા જ છીએ. અમદાવાદ, મૂળી અને ભુજ વહીવટ કદાચ જૂદો હોય પરંતુ અમારા અંતર તો એક જ છે. માટે બહારનાએ તો ઢેફાળા ખાવાની ઈચ્છા હોય તે જ આમાં પડે. મહારાજે દેશ વિભાગની જે લીટી કરી છે તે પણ વ્યવસ્થા પૂરતી જ છે. બાકી અમે તો એવું ઈચ્છીએ છીએ કે સમગ્ર સત્સંગમાં ખૂબ સંપ અને શાંતિ થાય.

સ્વયં સેવકોની સભામાં પ.પૂ. મહારાજશ્રી કહે છે : સ્વયંસેવકોની આ સભા સ્વયંસેવકો કરતા પણ વિશેષ સાચા સત્સંગીની સભા છે. આ સભા અમારા ઘરની સભા છે એટલે વિશેષ તો શું કહેવું. પરંતુ તમે સૌએ પોતાની દુકાન, વ્યવસાય, નોકરી કે અભ્યાસ વગેરેનો ત્યાગ કરીને અહીં જે સમય આપીને સર્વે હરિભક્તોની સેવા કરી છે, સાથે સાથે નરનારાયણદેવની તો સેવા થઈ જ છે. કારણ કે આ ઉત્સવ દેવનો છે. આ ઉત્સવ અમારો નથી કે કોઈ સંતનો નથી. દેવનો ઉત્સવ છે. એટલે શ્રી નરનારાયણદેવ તમારા ઉપર ખૂબ રાજી થયા છે. નિર્માનીપણું હોય એ જ સેવા કરી શકે. વળી મહારાજે વચનામૃતમાં કહ્યું કે નિર્માની પણાનું પણ માન ન આવવા દેવું, નહીં તો એવું થાય કે કોઈ આપણને નિર્માની કહે તો પછી હવે બીજો કોણ મને નિર્માની કહે છે એવું સાંભળવાનું મન થાય છે. તમે બધા નિર્માની છો. કારણ કે ઉત્સવમાં ઘણા પ્રકારના લોકો આવતા હોય. તમે પાર્કિંગમાં હો, કોઈ ગાડી લઈને આવે, તમે કહો કે આ ગાડી આવી રીતે અહીં પાર્ક કરો તો સામેથી જવાબ મળે,

ના. હું તો ગાડી અહીં જ પાર્ક કરીશ. તમે ઓળખો છો મને ? તમે રસોડામાં હો, કોઈ પુરી મંગાવે અને તમે મોહનથાળ લઈને આવો. સંપૂર્ણ તૈયાર ન થયું હોય અને તમને સાંભળવા મળે, આવું કેમ ચાલે છે? હમણાં જ હું સંતોને ટેલિફોન કરું છું. આ બધું સહન કરીને તમે સેવા કરો છો. જો કે આપણા ઉત્સવો એક એકથી ચડિયાતા થતા રહ્યાં છે. ઘણા ટેલિફોન આવે છે કે ઉત્સવ બહુ સારો થયો. ઉત્સવ કોઈ પણ પ્રકારની ક્ષતિ વિના કે કંકાસ વિના પૂરો થયો એ જ બતાવે છે કે નરનારાયણદેવ આપણી સાથે છે.

પ્રથમ દિવસે જ પૂ. મોટા મહારાજશ્રીએ નિર્ગુણદાસજી સ્વામીની વાતો પૈકી ૩૪૩ નંબરની વાત સભામાં વાંચી સંભળાવી હતી. આ વાત કોઈ દંતકથા નથી પરંતુ એક સત્ય ઈતિહાસ છે. દેશ વિભાગ પછી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીને થોડી મૂંઝવણ રહ્યા કરતી અને એ હકીકત હતી કે આ દેશનો વ્યવહાર ચલાવવા માટે એ સમયે પાકિસ્તાનના કરાંચી બંદર સિવાય બીજી કોઈ મોટી આવક નહોતી. અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી રાત્રિના સમયે મહારાજના દર્શન કરવા અક્ષર ઓરડીમાં પધાર્યા. મહારાજ કહે, કેમ આ સમયે ? દાદા કહે છે એક મુંઝવણ રહે છે. મહારાજ કહે, કહો, ત્યારે દાદાએ કહ્યું, અમારા નરનારાયણદેવના દેશના સાધુ, બ્રહ્મચારી તથા સત્સંગી થોડા છે. તે વ્યવહાર શી રીતે ચાલશે ? ત્યારે શ્રીજી મહારાજે કહ્યું, તમારા પક્ષમાં હું છું. તે હું તમારી સહાય કરીશ અને તમારો નરનારાયણનો દેશ ઘણો વૃદ્ધિ પામશે. તમે કોઈ પ્રકારની ચિંતા કરશો નહિ. એમ કહીને મહારાજ ઉભા થઈને બાથમાં લઈને દાદાને મળ્યા અને ખભો થાબડીને ફરી બોલ્યા કે, જેના પક્ષમાં હું છું તેને કોઈ પ્રકારનું દુઃખ કે મુઝવણ નહિ આવવા દઉ મારો દ્રઢ વિશ્વાસ રાખજો. હું સદા તમારી સમીપે રહીશ. તમારો બધો વ્યવહાર હું ચલાવીશ. આજે આ ઉત્સવના માધ્યમથી આપણને આ વાતની પ્રતીતિ થાય છે. અમે પણ બધું નરનારાયણદેવ પર છોડીને હંમેશા હળવા રહીને સંતો-ભક્તો સાથે હસી-ખુશીથી રહેતા હોઈએ છીએ. એક ભાઈ મોટા બાપજીને ફરિયાદ કરવા આવ્યા કે, મહારાજશ્રી હંમેશા હસ્યા જ કરે છે. પૂ. મોટા મહારાજશ્રી એ ભાઈની સામે જ જોઈ રહ્યા. આ વાતને ફરિયાદ કેવી કે શું કહેવું ? ફરિયાદ કંઈ આવી હોય. ભગવાન જેવા ભગવાન મળ્યા છે તો હસીએ નહીં તો શું લમણે હાથ મૂકીને બેસીએ !

શ્રી નરનારાયણદેવના પ્રતાપથી અમદાવાદ દેશના મંદિરો તથા સત્સંગનું પલ્લુ હંમેશ ભારેને ભારે રહ્યું છે. નરનારાયણદેવની ઈચ્છા પ્રમાણે સત્સંગ વધે કે ઘટે તે દેવનું કર્યું થાય છે. આપણે મહારાજનું કાર્ય કરવામાં પાછું ન પડવું. આપણે સેવામાં સમર્પિત રહેવું અને તમે બધાએ નિષ્ઠાથી સેવા કરી છે એટલે તો પૈસાનો સાચા અર્થમાં ઉપયોગ થયો છે. નહીં તો પૈસાનો ઢગલો એમ ને એમ પડ્યો રહે. તમને સૌને ધન્યવાદ આપું તો પાછું અટકી જવાય. આપણે અટકવાનું નથી. થોડો આરામ કરી લો, ફ્રેશ થઈ જાવ. રામ સ્વામીને કહીએ એકાદ પિકનીકનું આયોજન કરી દો. બધા ફરી ભેગા થઈને હરો, ફરો, જમો, ઉત્સવના સંસ્મરણો થાય. પછી બીજું નિમિત્ત ઉભુ કરીને તિથિવાર કઢાવીને બીજો મોટો ઉત્સવ કરીએ. ઘણા વિછુંડોને પિછુંડો કરતા હોય છે. ગ્રહો નક્ષત્રોને પિતૃઓ નડવાની વાતો કરતા હોય છે. પિતૃઓ અહીં જીવતા હોય છે ત્યારે તેના ઘરના સભ્યોને નડતા નથી તો મરી ગયા પછી ઉપરથી નીચે ઉતરીને નડવા આવે ! આપણને નરનારાયણદેવ - સ્વામિનારાયણ ભગવાન મળ્યા છે. પાકો નિશ્ચય છે, માટે આપણને કોઈ નડે નહિ. અમે તો ધનુર્માસમાં પણ મૂર્તિ પ્રતિષ્ઠા કરીએ છીએ. જેને નિશ્ચય ન હોય, આશરો અને નિષ્ઠા ન હોય તેને બધું નડે, છેલ્લે પોતાની જાત પણ નડે !

દુનિયાના દરેક ખૂણામાં અને આપણા દેશના દરેક ગામમાં આપણે મહારાજની વાત અને નામ પહોંચાડવું છે. મંદિરો કરવા છે. ગાદીવાળાશ્રીના માર્ગદર્શન તથા દેખરેખ નીચે આજે બહેનો પણ ખૂબ જાગૃત થયા છે. અને ગામો ગામ સત્સંગ મંડળો ચલાવે છે. બહેનો માનની અપેક્ષા વિના કામ કરતા હોય છે. બહેનો સત્સંગી થાય એટલે પોતાના પતિને પણ મંદિરોમાં લાવવા ધકો મારે ! પુરુષ મને - કમને મંદિરમાં આવે એટલે દેવની દ્રષ્ટિ પડે. એમ કરીને ધીમે ધીમે સત્સંગ વૃધ્ધિ પામે. આવા ઉત્સવ-સમૈયામાં આવે એટલે તો સારું સારું મિષ્ટાન્ન પણ પ્રસાદ સ્વરૂપે જમવા મળે. આટલી વાનગીઓ બીજે ક્યાં મળે ? અમે રસોડામાં જોયું ત્યારે એમ થયું કે આવો રસથાળ

પચાવવા માટે કેટલી કસરતની જરૂર પડે ! ઠીક છે. ક્યારેક જમવામાં વાંધો નહી. પરંતુ આવું ભારે દરરોજ ન જમતા. શરીર સારુ હશે તો ભજનમાં સુખ આવશે. અમે તો તળેલું બિલકુલ જમતા જ નથી. સવારે નાસ્તામાં પણ બટાટા પૌંઆ અને મગ લઈએ છીએ જેથી પગ સારા ચાલે.


તમે સૌ દેવ પ્રત્યે નિષ્ઠાવાળા છો. દેવ માટે કામ કરો છો તેથી તમે સૌ અમારા છો. તમારા મુખ પર નરનારાયણદેવનું તેજ છે. નહીં તો ગામડા ગામમાંથી ખેતી કરતો કરતો ખેડૂત આવ્યો હોય છતાં તેના મુખ પર તેજ જોવા મળે છે એ તેજ ક્યાંથી આવે છે ! દેવનો આશરો અને નિષ્ઠા રાખવાથી મુખ પર તેજ આવે છે. જીવ બળિયો થાય છે. અમે જોયું છે કે આખા ગામમાં એક જ સત્સંગી હોય તો પણ નરનારાયણદેવની જમીનનો ટૂકડો વિમુખોના હાથમાં જતો રહ્યો હોય તો પોતાના નાણાં અને સમયનો ભોગ આપીને લડીને પણ એ જમીન નરનારાયણદેવના નામે કરી છે. કેટલી તેનામાં હિંમત હશે. મંદિર, સત્સંગ તથા દેવને પોતાના માને તેનાથી જ આવું કામ થાય છે. પોતાના રહેવાના ઘરની દિવાલમાં એક ગાબડું પડ્યું હોય તો મિટિંગ કરીને તુરત જ લોકો ઘરનું સમારકામ કરાવે છે. પરંતુ જે દેવની સેવા કરે છે તેને ધન્ય છે.

પરિવાર દિને પ.પૂ. મહારાજશ્રીએ કહ્યું કે, આજે વિશ્વને એક કરવાની આપણે વાતો કરીએ છીએ પરંતુ સૌ પ્રથમ તેની શરૂઆત આપણે આપણા પરિવારથી કરવી પડશે. તેના માટે પૂ. મહારાજશ્રીએ પઝલ્સની એક ગેમનું સુંદર દૃષ્ટાંત આપ્યું હતું. ઘરમાં જ્યાં બાપ અને દીકરો કે ભાઈ અને બહેન વોટસ અપ કે ટેલિફોન પર વાત કરી લેતા હોય, સાથે બેસીને વાત કરવાનો કે જમવાનો જ્યાં ટાઈમ જ ન કાઢતા હોય ત્યાં પરિવારનું સાચું સુખ આવતું નથી. સુખ દુઃખમાં પરિવારના સભ્યો જ ભાગીદાર બનતા હોય છે. બેંકમાં લાખો કે કરોડો રૂપિયા પડ્યા હોય પરંતુ જ્યારે આંખમાં આંસુ આવે છે ત્યારે સો કે હજાર રૂપિયાની નોટ વડે આંસુ લૂછાતા નથી. તેવી જ રીતે દિલમાં હૃદયમાં જ્યારે પારાવાર કોઈ વાતની બળતરા થતી હોય ત્યારે છાતી ખોલીને તેમાં એ.સી.ની ઠંડી હવા લેવામાં આવે તો પણ ત્યારે ઠંડક થતી નથી. કુટુંબ પરિવારમાં સંપ હશે તો આવા કપરા સમયે કોઈ આવીને ઉભા રહેશે. આંસુ લૂછવા વાળાની પણ ક્યારેક જરૂર પડતી હોય છે.



# મંત્રલેખન


















શ્રી સ્વામિનારાયણ
વક્તાશ્રીઓ
શા. સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (ગાંધીનગર)
શા. સ્વા. કૃષ્ણસ્વરૂપદાસજી (મૂળી)
શા. સ્વા. ભક્તિનંદનદાસજી (જેતલપુર)
શા. સ્વા. નારાયણવલ્લભદાસજી (વડનગર)
સભા સંચાલકશ્રી
શા. સ્વા. નારાયણમુનિદાસજી (કાલુપુર)
શા. સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)

# મેડિકલકેમ્પ











# શ્રીનરનારાયણદેવ મહોત્સવ પ્રયોજન અને ફળશ્રુતિ

- શાસ્ત્રી હરિકૃષ્ણદાસ (મહંત સ્વામી, અમદાવાદ મંદિર)

સ્વામિનારાયણ સંપ્રદાય ઉત્સવ-સમૈયાનો સંપ્રદાય છે. સ્વામિનારાયણ ભગવાન અમદાવાદ, વડતાલ, ગઢડા, જેતલપુર, મુળી, ભુજ, માંગરોળ, કારિયાણી, પંચાળા વગેરે અનેક ધામોમાં ફુલદોલોત્સવ, જન્માષ્ટમી, વસંતોત્સવ, એકાદશી, પ્રતિષ્ઠોત્સવ, રામનવમી, વિષ્ણુયાગ વગેરે વિવિધ ઉત્સવોના માધ્યમથી મોટા મોટા ઉત્સવ-સમૈયા અવાર-નવાર કરતા. આ ઉત્સવ સમૈયાઓમાં દેશ-દેશાંતરથી સંતો-હરિભક્તો આવીને એક સ્થળે ભેગા થતા. શ્રીહરિનું દર્શન-પૂજન કરતા. શ્રીહરિ પોતાના ત્યાગી-ગૃહી તમામ આશ્રિતોને અલૌકિક દિવ્ય સુખ આપતા. પૃથ્વી ઉપર જ અક્ષરધામ ખડું થતું. ભક્તજનો અરસ-પરસ મળીને ખૂબ આનંદ અનુભવતા. શ્રીહરિના મહિમાની વાતો કરતા. શ્રીહરિને ઉત્સવ-સમૈયા બહુ પ્રિય છે. ઉત્સવોના માધ્યમથી એકી સાથે હજારો જીવાત્માઓનું સહેજે સહેજે કલ્યાણ થાય છે.

શ્રીહરિએ વચનામૃતમાં પણ કહ્યું છે કે ભગવાને જે જે અવતારે કરીને જે જે સ્થાનકને વિષે જે જે લીલા કરી હોય તે સંભારી રાખવી અને બ્રહ્મચારી, સાધુ તથા સત્સંગી તેની સાથે હેત રાખવું અને એ સર્વને સંભારી રાખવા. તે શા સારુ જે કદાપિ દેહ મૂક્યા સમે ભગવાનની મૂર્તિને ભૂલી જવાય તો પણ ભગવાને જે જે સ્થાનકને વિષે જે જે લીલા કરી હોય તે જો સાંભરી આવે અથવા સત્સંગી સાંભરી આવે અથવા બ્રહ્મચારી ને સાધુ સાંભરી આવે તો તેને યોગે કરીને ભગવાનની મૂર્તિ પણ સાંભરી આવે. અને તે જીવ મોટી પદવીને પામે અને તેનું ઘણું રૂડું થાય. તે માટે અમે મોટા મોટા વિષ્ણુયાગ કરીએ છીએ. તથા જન્માષ્ટમી અને એકાદશી આદિક વ્રતના વર્ષોવર્ષ ઉત્સવ કરીએ છીએ. ને તેમાં બ્રહ્મચારી, સાધુ, સત્સંગીને ભેળા કરીએ છીએ. અને જો કોઈક પાપી જીવ હોય ને તેને પણ જો એમની અંતકાળે



સ્મૃતિ થઈ આવે તો તેને ભગવાનના ધામની પ્રાપ્તિ થાય.

મહાપ્રતાપી શ્રી નરનારાયણદેવની કૃપાથી અમદાવાદ દેશમાં અવિરત નાના મોટા ઉત્સવોનું આયોજન થતું રહેતું હોય છે. શ્રીહરિએ આપેલી ઉત્સવોની પરંપરા મુજબ શ્રીહરિના જ અપર સ્વરૂપ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીને પણ ઉત્સવ-સમૈયા બહુ પ્રિય હોવાથી અમદાવાદ દેશમાં દ્વિશતાબ્દી મહોત્સવ - રજત - સુવર્ણ જયંતી મહોત્સવ, શતામૃત મહોત્સવ, ષષ્ઠી પૂર્તિ મહોત્સવ, ધર્મકુળ વંદના મહોત્સવ, શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ઉદ્‌ઘાટન મહોત્સવ અને અંતમાં શ્રીનરનારાયણદેવ મહોત્સવ એમ એક એક થી ચડિયાતા ઉત્સવો થતા આવ્યા છે. શ્રી નરનારાયણદેવ મહોત્સવ સમયોચિત વર્તમાન કાળે સમાજને અતિ ઉપયોગી એવો વિશિષ્ટ છતાં અલૌકિક અને દિવ્ય ઉત્સવ થયો. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું એક જ લક્ષ્ય હોય છે કે ઉત્સવનું નિમિત્ત કંઈ પણ હોય પરંતુ તે ઉત્સવના માધ્યમથી આપણે સૌ ભેગા થઈએ અને શ્રીહરિની ખૂબ ખૂબ ભજન-ભક્તિ થાય અને સાથે સાથે સમાજ સેવા પણ એટલી જ થાય.

અગાઉના અંકમાં પણ આ મહોત્સવના પ્રયોજનની વિગત આપી હતી તે મુજબ ટૂંકમાં પુનરાવર્તન કરીએ તો શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું સૌ પ્રથમ શ્રી નરનારાયણદેવનું આ મંદિર સમયના ઘસારે ઘસાતા જીર્ણોધ્ધારની જરૂરિયાત ઉભી થતા જે તે સમયે પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞાથી તે સમયના મહંત સ.ગુ. પી.પી. સ્વામી (જેતલપુર)એ કાર્યનો આરંભ કર્યો. ત્યાર બાદ પૂ. નિર્ગુણ સ્વામી તથા પૂ. નારાયણસ્વરૂપ સ્વામીએ કાર્યને આગળ ધપાવ્યું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી વર્તમાન મહંત સ્વામી તથા અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશ સ્કીમ કમિટીએ આ જીર્ણોધ્ધારના કાર્યને વેગ આપીને પૂર્ણ કર્યું. સાથો સાથ દેશ વિદેશના હરિભક્તોના સંપૂર્ણ સહયોગથી દેવોના નૂતન સુવર્ણ સિંહાસન પણ બનાવરાવ્યા.

જગતના મનુષ્યો પોતાના રહેઠાણના મકાનોનું રિનોવેશન કરે કે અન્ય કોઈ મોટું કાર્ય કરે તો પણ પોતાના સગા સંબંધીને ભેગા કરીને નાના મોટા સામાજિક ઉત્સવો કરતા હોય છે. તો અનંત કોટિ બ્રહ્માંડના અધિપતિ ભરત ખંડના અધિષ્ઠાતા શ્રી નરનારાયણદેવના મંદિરનો કલાકોતરણી યુક્ત જીર્ણોધ્ધાર થાય તે નિમિત્તે મોટો ઉત્સવ ન કરીએ તો દેવ પ્રત્યેની આપણી નિષ્ઠામાં એટલી કાચ્યપ કહેવાય.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ અતિ રાજી થઈને આજ્ઞા આપી કે જેવા દેવ આપણને સર્વોપરી મળ્યા છે એવો જ તેમનો ઉત્સવ પણ સર્વોપરી કરીએ. પ.પૂ. મહારાજશ્રીના માર્ગદર્શનથી તુરત જ મહોત્સવના ઉપલક્ષમાં ધાર્મિક તેમજ સામાજિક કાર્યક્રમોની રૂપરેખા તૈયાર થઈ. ભક્તજનોએ જેવું યોગદાન મંદિરના જીર્ણોધ્ધાર તેમજ નૂતન સુવર્ણ સિંહાસનમાં આપ્યું તેવું જ યોગદાન મહોત્સવને સફળ બનાવવામાં પણ આપ્યું.

મહોત્સવ અગાઉ મહોત્સવના ઉપલક્ષમાં ૨૫૧ ગામડે સત્સંગ સભાઓ થઈ. ૧૫૧ મિનિટની ૨૫૧ ગામડે સ્વામિનારાયણ મહામંત્રની અખંડધૂન થઈ. ૫૧ કરોડ 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રનું લેખન થયું. જનમંગલના ૧,૨૫,૦૦,૦૦૦, વચનામૃત ૫૧૦૦ તથા ભક્ત ચિંતામણીના ૫૧૦૦ પાઠ થયા. કેટલાય મંદિરોએથી સંતો-હરિભક્તોએ ભેગા મળી પદયાત્રા કરીને કાલુપુર શ્રી નરનારાયણદેવના દર્શન કર્યા. પદયાત્રામાં સંતો-હરિભક્તોનો ઉત્સાહ વધારવા માટે સ્વયં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી તેમજ પ.પૂ. લાલજી મહારાજશ્રી જોડાયેલા. જેઓનું આચરણ એ જ ઉપદેશ છે એ બાબતને ધર્મકુળ પરિવારે ચરિતાર્થ કરી. કોઈને પણ જાણ કર્યા વિના મહોત્સવ દરમિયાન પ.પૂ. લાલજી મહારાજશ્રીએ બ્લડ ડોનેશન (રક્તદાન) કર્યું. ૨૧૦૦ થી વધારે બોટલનું બ્લડ ડોનેશન થયું. મહોત્સવ અગાઉ તેમજ મહોત્સવ દરમિયાન સર્વરોગ નિદાન કેમ્પ થયા. આંખ તથા દાંતની સારવારના નિઃશુલ્ક કેમ્પ થયા. રાહત દરે ચશ્મા તથા કાનની બહેરાશ નિવારવાના મશીનનું વિતરણ થયું. ગામડાઓના બાળમંડળના વિદ્યાર્થીઓને ૧૧૦૦૦ શૈક્ષણિક સાધનોનું વિતરણ થયું. ૧૫૧ અપંગોને ટ્રાઈસિકલ વિતરણ કરવામાં આવ્યું. વ્યસનમુક્તિ

અભિયાનથી તેમજ પ્રદર્શનથી હજારો લોકો વ્યસન મુક્ત બન્યા.

મહોત્સવ દરમ્યાન શ્રીમદ્ સત્સંગિભૂષણ અંતર્ગત શ્રી નરનારાયણદેવ માહાત્મ્યની કથા થઈ. એક દિવસીય શ્રીહરિયાગ તથા ૩ દિવસ સમૂહ મહાપૂજા થઈ. શ્રી નરનારાયણદેવની નગરયાત્રા ભવ્યાતિ ભવ્ય થઈ. દેવોનો મહાભિષેક તથા છપ્પન ભોગ અન્નકૂટ થયો. આ અન્નકૂટનો પ્રસાદ ગુજરાતના તમામ અનાથઆશ્રમો તથા શારીરિક તેમજ માનસિક વિકલાંગ બાળકોની સંસ્થાઓમાં વહેંચવામાં આવ્યો. મહોત્સવ દરમિયાન શ્રી સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂન થઈ તેમજ સુંદર પ્રદર્શનનું આયોજન થયું. જેમાં શ્રીહરિ, શ્રી નરનારાયણદેવ તેમજ શ્રી ધર્મવંશી આચાર્ય પદની પરંપરાની ડોક્યુમેન્ટરી ફિલ્મ, વ્યસનોથી થતું નુકશાન, શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમની એક ઝલક, જીવનમાં વનસ્પતિજન્ય આયુર્વેદિક ઔષધોની ઉપયોગિતા, પર્યાવરણ વગેરે ખૂબ મહત્વના વિવિધ પાસાઓને આવરી લેવામાં આવ્યા. ૧૧૦૦૦ દિવાઓ વડે કાલુપુર મંદિરની સમૂહ આરતી થઈ. શ્રીનરનારાયણદેવ બાલમંડળ તથા બાલિકા મંડળ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો થયા. બ્રાહ્મણ બટુકોને યજ્ઞોપવિત આપવામાં આવી. રાત્રીય સાંસ્કૃતિક કાર્યક્રમમાં સત્સંગ ડાયરાનું કીર્તન ભક્તિનું તથા નૃત્ય નાટિકાનું આયોજન થયું. કથાની સાથે સાથે મહોત્સવ દરમિયાન પ્રથમ દિવસે આરોગ્યસત્ર, બીજા દિવસે પર્યાવરણ સત્ર, ત્રીજા દિવસે મહિલા સત્ર પૂ. શ્રીરાજાની નિશ્રામાં, ચોથા દિવસે પરિવાર સત્રનું આયોજન થયું. જેમાં જે તે વિષયના નિષ્ણાંત મહાનુભાવોને આમંત્રીને તેઓના સંવાદથી જે તે બાબતની દઢતા અંગે દરેકને જાગૃત કરવામાં આવ્યા. વર્તમાન કાળે પર્યાવરણ તથા પરિવાર ભાવનાનું સમાજમાં જે ધોવાણ થઈ રહ્યું છે. તેને અટકાવવા માટે સમયોચિત આ દાખડો કરવામાં આવ્યો. મહોત્સવ સ્થળ પર સુંદર કુદરતી વાતાવરણ ઉભું કરીને સુંદર ચિત્રો તેમજ હૃદયભેદી સુવાક્યો દ્વારા જીવનમાં ગાયનું માહાત્મ્ય, ગાયના દૂધ, ઘી, મૂત્ર આદિક પંચગવ્યનો મહિમા, માતા-પિતાની સેવા - પરિવાર ભાવના, પરિવારમાં સંપ, વ્યસનમુક્તિ આદિક મહત્વની બાબતોને વણી લઈને જનસમાજમાં તે અંગેની એક જાગૃતિ આણવામાં આવી.

બહેનોના વિભાગમાં પણ બહેનોના ધર્મગુરુ પ.પૂ. લક્ષ્મીસ્વરૂપ અ.સૌ. ગાદીવાળાશ્રી, પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રી અને પૂ. શ્રીરાજા અને સમગ્ર ધર્મકુળની નિશ્રામાં સત્સંગી બહેનો દ્વારા વિવિધ કાર્યક્રમો થયા હતા.

વિદ્વાન સંતોના મુખેથી વ્યાખ્યાનો થયા. શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોના મુખેથી સભાજનોએ આશીર્વચનો સાંભળ્યા. સ્વયં સેવકોએ સેવા કરીને પોતાનું જીવન ધન્ય બનાવ્યું. યજમાન પરિવારો તથા અન્ય ઘણા ધર્મપ્રેમી જનોએ તન, મન, ધનથી સેવા કરીને, હજારો જનોએ મહોત્સવનું દર્શન કરીને, કથા સાંભળીને તથા ભોજન-પ્રસાદ જમીને મહોત્સવનું સંભારણું પોતાના જીવનમાં અંકિત કરી દીધું. અંતકાળે આવા મહોત્સવના માધ્યમથી શ્રીહરિની મૂર્તિ સાંભરી આવે તો એ જીવાત્મા પાપી હોય તો પણ પરમપદને પામે એ શ્રીહરિના શબ્દો છે.

સ્વામિનારાયણ મહામંત્ર, જનમંગલ નામાવલિ કે સ્તોત્ર, યજ્ઞ, મહાપૂજા, અભિષેક, અન્નકૂટ, ભક્ત ચિંતામણી કે વચનામૃતના પાઠ પદયાત્રા દ્વારા દેવોનું દર્શન આદિક બાબતોનો શું મહિમા છે તે શાસ્ત્ર વાંચીએ કે સાંભળીએ ત્યારે ખ્યાલ આવે અને તેનાથી પણ તેની વિશેષ અનુભૂતિ જેણે જીવનમાં અમલમાં મૂકી છે તેને વાસ્તવિક રૂપમાં થાય છે.

મહારાજે બાથમાં લઈને આ નરનારાયણદેવ પધરાવ્યા છે. તેમાં અને શ્રીજી મહારાજમાં અણુંમાત્ર ફેર નથી. આ વાક્ય વારંવાર વાંચીએ કે સાંભળીએ છીએ તો પણ સારું લાગે છે. તો જેવું આ દેવના મહોત્સવનું પ્રયોજન હતું તેવી જ ફળશ્રુતિ થઈ છે.

આ મહોત્સવમાં પાયાથી લઈ તમામ પ્રકારની સેવા કરનાર વ્હાલા સંતો નાના મોટા દેશ વિદેશના હરિભક્તો આદિ સર્વેનો આભાર માની પુનઃ આવા મહોત્સવમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-પ્રેરણાથી આથી પણ વિશેષ સેવા કરીને સર્વોપરી શ્રીહરિને રાજી કરી આત્યંતિક કલ્યાણ સાધી લેશો.





# प्रदर्शन








શ્રી સ્વામિનારાયણ

# અખંડધૂન











શ્રી સ્વામિનારાયણ
મહાપૂજા






# પર્યાવરણ દિન











# સેવા













# શિલ્પી આનંદાનંદ સ્વામી

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

રાજસ્થાનમાં ભરતપુર સ્ટેટમાં ઐતિહાસિક અત્યંત પરાક્રમી રાજાઓ થઈ ગયા. ઉત્તમ ક્ષત્રિય રાજપૂત ઝાટ વર્ણના મહારાજાઓએ રાજ કર્યું. ઈન્ટરનેટના માધ્યમથી ગૂગલમાંથી મળેલી માહિતી અનુસાર સદ્‌ગુરુ આનંદાનંદ સ્વામીના પૂર્વાશ્રમ અને પૂર્વજોની ખૂબજ ઝીણવટભરી માહિતી મુકવામાં આવેલી છે. સત્તરમી સદીના ઉતરાર્ધમાં મહારાજા સૂરજમલજી પિતા બદનસિંહજી રાજ્ય કરતા હતા. તેઓ શૂરવીર સાહસી અને વ્યવહાર કુશળ પવિત્ર રાજા તરીકે ગણાતા. જેઓએ દિલ્હીના નવાબ સાથે અનેકવાર લડાઈ કરીને વિજય મેળવ્યો હતો. મહારાજા સુરજમલને પાંચ રાણીઓ અને તેનાથી પાંચ પુત્રો થયા. તેમાં કાવરીયાદેવીનામે રાણીના કૂખે વિ.સં. ૧૮૧૩ આસો સુદી દશેરા (વિજયા દશમી)ના દિવસે એક પુત્ર રત્નનો જન્મ થયો. તેનું નામ નવલસિંહજી રાખ્યું. જેઓ આનંદાનંદ સ્વામી નામે આપણા સંપ્રદાયમાં પ્રસિધ્ધ થયા.

એકવાર મહારાજા સૂરજમલજીને દિલ્હી નવાબની લડાઈમાં દુશ્મનોએ કપટથી મારી નાખ્યા. સાથે મોટા પુત્ર જવાહરસિંહનું પણ અવસાન થયું. આવા કપરા સંજોગોમાં ઉત્તરાધિકારીનો અધિકાર રતનસિંહના પુત્ર કેશરીસિંહજીને બે વર્ષની નાની વયે ગાદીએ બેસાડવામાં આવ્યા. એ સમયે સમય સૂચકતા વાપરીને પોતાનું કર્તવ્ય બજાવવા સોળ વર્ષના નવલસિંહજીએ પ્રતિનિધિ રાજા તરીકે રાજ્યની તમામ જવાબદારી સંભાળી લીધી. એવામાં માત્ર બે વર્ષમાં નાના રાજવી કેશરીસિંહજીનું ગંભીર બિમારીમાં મૃત્યુ થતાં રાજા નવલસિંહજી રાજ્યપદે બિરાજમાન થયા. સાત વર્ષના ટુંકા સમયમાં મહારાજા નવલસિંહજીએ અનેક રજવાડાઓને જીત્યા. અનેક સત્કર્મો કર્યા. શૂરવીરતા અને આધ્યાત્મના સુભગ સમન્વયથી પ્રજાના દિલને પણ જીતી લીધા. જન્મથી વૈરાગ્ય હોવાથી મોહમાયાનો પ્રભાવ ક્યારેય દેખાયો જ નહિ. માત્ર કર્તવ્ય ફરજ બજાવવી એ ધ્યેયને સિધ્ધ કરતાં કરતાં અનેક કામો કર્યા. જેવા કે ભરતપુરમાં બલરામ મંદિર, લક્ષ્મણ મંદિર, બિહારીલાલજી મંદિર, આગ્રામાં ભવ્ય હંસમહેલ, મોટા જવાહરસિંહની સ્મૃતિમાં પુષ્કર તીર્થમાં જવાહરઘાટ બનાવ્યો. વૃંદાવન ગોવર્ધનમાં માનસ ગંગા મંદિર તથા રાજમહેલ બનાવ્યો તથા પરિક્રમામાં વિશ્રામ સ્થળો તેમજ અન્ય જીર્ણોધ્ધાર કાર્યો અને તીર્થ સ્થાનોમાં અન્નક્ષેત્રો શરૂ કર્યા. અનેક યજ્ઞ કરાવ્યા. નવલસિંહજીને મૃગનેન નામે પત્ની હતાં. તેમનાથી કોઈ સંતાન હતું નહીં.

પોતાના પરાક્રમથી ભરતપુર રાજ્યની તિજોરી પણ ધનસંપત્તિથી છલકાવા લાગી હતી. તે ધનનો ઉપયોગ મોજશોખમાં નહિ પરંતુ સત્કર્મમાં વાપરતા. જેઓ સૂરજમલજીના આખા પરિવારનો એક આધાર સ્તંભ બન્યા. તેમની કીર્તિ ચક્રવર્તી રાજાઓની જેમ ચારે દિશાઓ ફલાઈ રહી હતી ત્યારે મહારાજા નવસિંહજીની ઉંમર માત્ર ૨૩ વર્ષની હતી. પરંતુ તેઓનું જીવન પ્રભુ સેવાના નિમિત્તે હોઈ રાજ્યગાદી સ્વેચ્છાએ નાનાભાઈ રણજીતસિંહને સોંપીને જેઓના જીવનમાં વૈરાગ્ય અને ત્યાગ સહજ રહ્યા છે એવા

નવલસિંહજી ભરતપુરના પોતાના પરિવાર જનોની પ્રાર્થના પૂર્વક રજા મેળવીને પ્રભુ ભક્તિ કરવા પોતાની પ્રિય ભૂમિ વૃંદાવનમાં આવ્યા. ત્યાં પરિક્રમા, કીર્તન ભક્તિ, તીરથવાસીની સેવા આદિ સત્કર્મ કરતાં બે વર્ષ વિતાવ્યા. કેટલાક મુમુક્ષુઓ થકી અયોધ્યામાં લોમશઋષિના આશ્રમમાં રહેતા મહાત્મા રામગલોલાદાસની સાધુતા સાંભળીને નવલસિંહજી વૃંદાવનથી અયોધ્યા રામગલોલાજી પાસે આવ્યા. રામગલોલાજીએ ઉત્તમ વૈરાગી જાણી શિષ્ય કરી રાખ્યા. વ્યવહાર કુશળતા અને સાધુતાનો સમન્વય જોઈને વૃધ્ધ રામગલોલાજીએ દીક્ષા આપી લક્ષ્મણદાસ નામ રાખીને ટુંકા સમયમાં પોતાની ગાદીનો વારસો ન ઈચ્છતા હોવા છતાં ગુરુ વચને ઉત્તરાધિકારી બન્યા અને રામગલોલાજી સાકેતવાસી થયા. ૫૦૦ વૈરાગીઓ અને હજારો ગામોમાં શિષ્ય સમુદાયને સહજમાં લક્ષ્મણદાસે દિલ જીતી લીધા. નિશાન ડંકા, હાથી, ઘોડા, છત્ર, ચામર, ગાદીના વારસામાં મળ્યું. પણ આ બધું બંધન કરતા જાણી મન પ્રભુ ભક્તિમાં રહેતું.

અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ પરબ્રહ્મ પરમાત્મા ઘનશ્યામ મહારાજ બાલ્યાવસ્થામાં અવધપુરમાં રહેતા ત્યારે જ્યાં અખંડ સત્સંગ રામધૂન અને રામકથા થતી ત્યાં મહાપ્રભુ રામગલોલા આશ્રમમાં કથા સાંભળવા બેસતા. વળી ક્યારેક સરયૂ ગંગાના કિનારે પણ લક્ષ્મણદાસ અને ઘનશ્યામ મહારાજની નજર મળી જતી. મહારાજે લક્ષ્મણદાસને માયાનું આવરણ રાખીને પોતાનું જ્ઞાન ભૂલાવી દીધું હતું.

પ્રસંગ એવા બન્યો એકવાર લક્ષ્મણદાસ ભગવાનની પૂજા કરી રહ્યા હતા ત્યારે મંદિરમાં દ્વારકા યાત્રા કરીને આવેલા વૈરાગીઓ આપસમાં વાતો કરવા લાગ્યા કે, પશ્ચિમ ભારતમાં જીવન મુક્તાના પંથના ગુરુ રામાનંદ સ્વામી અને તેમના શિષ્યોમાં ત્યાગ અને વૈરાગ્ય જોયો એવો જગતમાં ક્યાંય ન જોવા મળ્યું અને જીવનમુકતા તો સાક્ષાત્ ભગવાન કૃષ્ણનાં દર્શન કરાવે, ગૌલોક વૈકુંઠનાં દર્શન કરાવે છે. આ વાત ચાલું હતી ત્યારે રામલક્ષ્મણ જાનકીની મૂર્તિયોમાંથી અપાર તેજ નિકળવા લાગ્યું. ત્યારે લક્ષ્મણદાસને થયુ કે મૂર્તિયોનું તેજ તો જીવન મુક્તાની વાતો થવાથી થાય છે તો જીવન મુક્તા કેવા મોટા હશે ! બહાર આવી વૈરાગીઓ પાસેથી જીવન મુકતાની વિગત જાણીને દર્શન કરવાની ઉત્કંઠા જાગી. બસ ક્યારે મોકો મળે ને જીવન મુક્તાનાં દર્શન કરુ. જીવન મુક્તા એટલે રામાનંદ સ્વામીના ઉધ્ધવ સંપ્રદાયને એ સમયમાં મતપંથીઓ જીવન મુકતાનો પંથ તરીકે ઓળખતા.

એકવાર લક્ષ્મણદાસે પોતાના શિષ્યોને દ્વારકાની યાત્રા કરવા જવાની ઈચ્છા વ્યક્ત કરી ત્યારે મોટા ભાગના વૈરાગીઓએ આનાકાની કરી. કેમ કે રામના ઉપાસક કૃષ્ણના તીરથમાં જવું એ સમયમાં લોકોને વાત ગળે ઉતારવી બહુ જ કઠણ હતી. યુક્તિપ્રયુક્તિથી શિષ્યોને સમજાવી વશ કરી ૫૦૦ વૈરાગી શિષ્યોને સાથે લઈ નિશાન, ડંકા હાથી પાળા, છત્ર છડી ચામર લઈને રામગલોલાજીનો સંઘ અયોધ્યાથી દ્વારિકા તરફ પ્રયાણ થયો.

કેટલાક દિવસે દ્વારિકા જતાં પહેલાં જીવનમુક્તાને મળવા દર્શનનો દૃઢ વિચાર હોવાથી પૂછતાં પૂછતાં લોજ ગામે લક્ષ્મણદાસના વૈરાગીઓનું ૫૦૦ નું લશ્કર આવી પહોંચ્યું.

લોજ ગામે સદ્‌ગુરુ રામાનંદ સ્વામીનાં દર્શન કર્યા તો રામલક્ષ્મણ જાનકી રૂપે રામાનંદ સ્વામીમાં દર્શન થતાં છત્ર ચામર નિશાન ડંકાના ઠાઠને મુકાવીને સ્વામીની સામે બેસી ગયા. નિત્ય નવા દિવ્ય અનુભવોનો ખજાનો મળતો રહેતા દ્વારિકા જવાનું ભૂલાઈ ગયું. પાંચ પંદર દિ' વિત્યા પછી વૈરાગીઓ ચિપિયા પછાડતા જવાની ઉતાવળ કરવા લાગ્યા. ત્યારે લક્ષણદાસે કહ્યું કે ‘‘મારે તો અહીં જ દ્વારકા’’ તમોને જાવુ હોય તો જઈ આવો. ત્યારે અન્ય વૈરાગીઓ દ્વારિકા દર્શન કરીને પરત આવતાં લક્ષ્મણદાસે પોતાની ગાદીનો વારસો બીજા યોગ્ય શિષ્યને સોંપીને અયોધ્યા પાછા મોકલ્યા. અને પોતે જે જોઈતું હતું તે મળી ગયું માની રામાનંદ સ્વામીના શિષ્ય થઈને રહ્યાં. સ્વામીએ લક્ષ્મણદાસને ભાગવતી મહાદીક્ષા આપીને આનંદાનંદ નામ રાખ્યું. ગરુ રામાનંદ સ્વામી અને રામદાસ સ્વામી, મુક્તાનંદ સ્વામી આદિ મોટા શિષ્યોની અનુવૃતિમાં રહીને સેવામાં જોડાઈગયા. એ વખતે વર્ષ હતું સં. ૧૮૫૫ નું.

સં. ૧૮૫૬ માં નિલકંઠવર્ણી લોજમાં પધાર્યા ત્યારે આનંદાનંદ સ્વામી રામાનંદ સ્વામીની સાથે ભૂજ આવ્યા હતા. પડછાયાની જેમ રામાનંદ સ્વામીની અનુવૃત્તિમાં રહેતા. પૂર્વાશ્રમમાં મહારાજા પદે રહીને ત્યાગાશ્રમમાં ગાદીપતિ પદે રહીને સેવક બનીને સેવા કરવી એ માણસનું કામ ન હોય જે અક્ષરધામના મુક્તથી જ થાય.

રામાનંદ સ્વામીએ નિલકંઠવર્ણીને નાની ઉંમરે ગાદી સોંપી ત્યારે બીજા શિષ્યોમાં અસંતોષ થયો ત્યારે રઘુનાથ જેવા

અસુરને બાદ કરતાં બીજા બધાજને સમજાવવામાં આનંદાનંદ સ્વામીનો પ્રયત્ન મુખ્ય હતો. ભક્તિભાવ અને વ્યવહાર કુશળતા સ્વામીમાં જન્મ પહેલાથી જ હતા.

રામદાસ સ્વામી અને મુક્તાનંદ સ્વામીની જેમ રામાનંદ સ્વામી અને નિલકંઠવર્ણીની અનુવૃત્તિમાં રહેતા સમર્પિત સંત શ્રીહરિના વચનના અનુરાગી હતા.

શ્રીહરિએ માંગરોળમાં સમાધિ પ્રકરણ ચલાવ્યું તેનાથી પહેલા આનંદાનંદ સ્વામીને વર્ણીમાં સર્વોપરિ ભગવાનપણાનો નિશ્ચય થઈ ગયો હતો. શ્રીહરિ વિશેષપણે વ્યવહારના કામો સ્વામીની સલાહ સૂચન લઈને કરતા. પૂર્વના ગાદીપતિ વૈરાગી સત્સંગમાં આવવાથી અન્ય વૈરાગીઓ સન્યાસીઓ શ્રીહરિના આશ્રિત થવા લાગ્યા. આવા સાધુઓનું નિયમન કરવાની જવાબદારી શ્રીહરિએ આનંદાનંદ સ્વામીને સોંપી હતી.

આનંદાનંદ સ્વામીના પ્રસંગો અસંખ્ય છે પરંતુ જ્યારે અમદાવાદ શહેરમાં અંગ્રેજ સરકારે મંદિર કરવા જમીન આપી ત્યારે સભામાં શ્રીહરિએ કહ્યું કે મંદિર કરવા કોણ જશે ? તે વખતે કોઈ કંઈ બોલ્યા જ નહિ. ત્યારે શ્રીજી મહારાજે આનંદાનંદ સ્વામીને બોલાવીને કહ્યું કે સ્વામી તમે પૂર્વાશ્રમમાં રાજવંશ રહીને અનેક મંદિરો બનાવ્યાં છે. તેથી તમે અમદાવાદનું મંદિર કરવા જાઓ. કુશળતાના ગુણો જોઈને પ્રભુએ પાંચ રૂપિયા તુંબડીમાં આપીને મંદિર બાંધવા મોકલ્યા.

સ્વામી શિષ્ય મંડળને સાથે લઈ અમદાવાદ આવ્યા. શ્રીહરિનો પૂર્ણ રાજીપો હોય અને પોતાની આગવી કામની સૂઝબૂઝ હોય, વળી મહારાજને રાજી કરવાનો એક માત્ર હેતુ હોય ત્યાં જે પણ સંકલ્પ થાય તે સર્વે સત્ય થાય. સંપ્રદાયનું પ્રથમ મંદિર બની રહ્યુ હોય, પશ્ચિમ ભારતનું મુખ્ય શહેર હોય જ્યાં મતપંથીઓના અનેક અખાડાઓના સામ્રાજ્ય હોય એવા ચતુષ્કોણ સંકટની વચમાં મંદિર બાંધવું સ્વામીના જીવનની મોટી કસોટી અને મોટો પડકાર હતો. આનંદ સ્વામી બધામાં પારંગત હતા તેથી દુશ્મનોના પ્રયત્નો ના કામિયાબ થવા લાગ્યા અને મંદિરના પથ્થરો ગોઠવતા જતા હતા.

સ્વામીના જમણા હાથમાં પદ્મ (કમળ)નું ચિન્હ હતું એટલે લક્ષ્મી તો ખૂટે જ નહિ. પણ લક્ષ્મી બંધન કરતા હોય એટલે સંપત્તિને નજીક આવવા દેતા નહિ.

સ્વભાવે નરમ ખરા અને કડક પણ ખરા. ઉદાર પણ ખરા અને કરકસરવાળાએ ખરા. વિનય અને નમ્ર ખરા અને



શત્રુઓને દૃષ્ટિ માત્રથી કંપાવનાર ખરા. પરંતુ જીતવા માટે પ્રેમરૂપી સાધનનો જ ઉપયોગ કરતા.

સંપ્રદાયનું સર્વ પ્રથમ મંદિર અમદાવાદના નિર્માતા, જેતલપુર મંદિરના નિર્માતા, ભરુચ મંદિરના નિર્માતા તેમજ ૨૭ જેટલા હરિ મંદિરોના નિર્માતા સદ્‌ગુરુ વર્ય આનંદાનંદ સ્વામીના જીવનના અનેક પ્રસંગો સંપ્રદાયના શાસ્ત્રો, વાર્તા, ગ્રન્થો, કાવ્યગ્રન્થોમાં લેખકોએ લખ્યા છે. તે ભવિષ્યના લેખમાં લખીશું. સ્વામીનો અક્ષરવાસ જેતલપુરમાં સંવત ૧૯૧૭ આસોવદ એકાદશીના દિવસે થયો ત્યારે સ્વામીની ઉંમર ૧૦૪ વર્ષની હતી. પાર્થિવ દેહનો અગ્નિ સંસ્કાર જેતલપુર દેવસરોવરના કિનારે આવેલ અક્ષર ફુલવાડીમાં કર્યો હતો. જ્યાં હાલ ભવ્ય સ્મૃતિ સ્થાન બનાવવામાં આવ્યું છે.

અમદાવાદ શ્રી નરનારાયણદેવનું મંદિર નિર્માણ નિર્વિઘ્ને સમ્પન્ન થતાં સંપ્રદાયના વિજયના ડંકા દિગંન્તમાં ગાજવા લાગ્યા. વિધર્મીઓના મોઢા કરમાઈ ગયા. સહજાનંદ સ્વામીનો ચારે દિશામાં જયજયકાર થયો. તેનો યશ સદ્‌ગુરુ આનંદાનંદ સ્વામીના ખાતામાં આવ્યો. ત્યાર પછી બીજા નવ મંદિરોમાં પણ આનંદાનંદ સ્વામીની યથાયોગ્ય સેવાઓ પાયાના પથ્થરની જેમ છે. સર્જનનું કામ હોય કે સમૈયો, વાદ હોય કે વિવાદ બધામાં આનંદાનંદ સ્વામીની જરૂર પડતી.

સ્વામીએ જીવનના પાછલા ૩૦ વર્ષ જેતલપુરમાં સેવા કરી અને અનેક ગામો જેમ કે, ગામડી ગામ વગેરેમાં હરિમંદિરો બંધાવ્યા. જેઓના અનેક પરચાઓ શાસ્ત્રો વાર્તાગ્રન્થોમાં લખાયેલા છે.

# મહિલા દિન




# મહિલા દિન











श्री स्वामिनारायण
सांस्कृतिक कार्यक्रम

# સાંસ્કૃતિક કાર્યક્રમ





# केमेरा कोर्नर











# સદા પ્રગટ શ્રી નરનારાયણદેવ

- શાસ્ત્રી હરિકેશવદાસ



સ્વામિનારાયણ ભગવાન કહે છે કે -

''અમે અમારૂં રૂપ જાણીને લાખો રૂપીયાનું ખરચ કરીને શિખરબધ્ધ મંદિર શ્રી અમદાવાદમાં કરાવીને શ્રી નરનારાયણની મૂર્તિયું પ્રથમ પધરાવી છે. અને એ શ્રી નરનારાયણ તો અનંત બ્રહ્માંડના રાજા છે.'' (જે. ૫)

શ્રી પુરુષોત્તમ તે જે તે આજ તમને સર્વેને શ્રી નરનારાયણ રૂષિરૂપ થઈને પ્રગટ મળ્યા છે. માટે નિઃસંશય થઈને આનંદમાં ભજન કરજો. (જે. ૪)

ઈષ્ટદેવ શ્રીહરિના સ્વમુખનાં ઉપરનાં વચનો વાંચીને આપણા હૈયામાં નિશ્ચય થવો જોઈએ. અમદાવાદમાં વિરાજતા શ્રી નરનારાયણદેવ સદા પ્રગટ સદા પ્રત્યક્ષપણે દર્શન આપે છે. અને આશ્રિતજનોના શુભ મનોરથો સદાય પૂર્ણ કરે છે.

સો એક વર્ષ પહેલાં બનેલી ઘટના છે. કોઈ મુમુક્ષુ ભક્તને પોતાની વૃધ્ધાવસ્થામાં વિચાર થયો કે શાસ્ત્રો અને સંતો કહે છે કે વિધિ સહિત સંસ્થાપિત પ્રતિમાઓમાં પ્રભુ પ્રગટ બિરાજે છે.

તો હું મારી લાખોની સંપત્તિ સાથે લઈને યાત્રા કરવા

જાઉં અને જે દેવ મારી પાસેથી સ્વયં માગીને લે તે દેવને મારી સર્વ સંપત્તિ સમર્પણ કરીને તે દેવનો આશ્રિત બનીને તેમની ભક્તિ કરૂં.

આ મુમુક્ષુ પોતાની સંપત્તિ સાથે લઈને કેટ-કેટલાંય સુપ્રસિદ્ધ તીર્થોમાં ફર્યો પણ તેના મનની ઈચ્છા અધુરી જ રહી.

પછી ગુજરાતમાં ફરતો ફરતો અમદાવાદ આવ્યો. તેણે સાંભળ્યું કે આ શહેરમાં શ્રી સ્વામિનારાયણ મંદિર બહુ મહિમાવન્તુ છે. એ મંદિરના મધ્ય દહેરામાં શ્રી નરનારાયણદેવ બિરાજે છે તે બહુ પ્રતાપી છે.

આ મુમુક્ષુ આપણા મંદિરમાં આવ્યો. ત્યારે રાજભોગ આરતી પૂર્ણ થઈ ગઈ હતી. આ મુમુક્ષુએ પોતાનું પોટલું બાજુમાં રાખીને શ્રી નરનારાયણદેવના ઉંબરે મસ્તક મૂકીને વંદન કર્યા અને તેના દેખતાં જ શ્રી નરનારાયણદેવ બોલ્યા હવે ક્યાં સુધી આ ભાર લઈને ફર્યા કરશો ? અહીં મૂકી દો.

અમૃતસમ મધુર અવાજ સાંભળતાં જ આજુબાજુ જોયું. એ વખતે મંદિરમાં કોઈ નહોતું. ત્યાં તો ફરીથી એ જ શબ્દો સાંભળ્યા. જોયું તો શ્રી નરનારાયણદેવ સ્વયં બોલી રહ્યા છે એવાં દર્શન થયાં.

આ મુમુક્ષુના હૃદયમાં અહો ! અહો ! થઈ ગયું. તમામ સંપત્તિ નરનારાયણદેવના ચરણે સમર્પીને શ્રીહરિનો પરમ આશ્રિત બની રહ્યો.

યાદ રહે કે શ્રી નરનારાયણદેવ સદા પ્રગટ એ પ્રત્યક્ષ છે. આ સ્વરૂપે શ્રીજી મહારાજ આપણને અખંડ દર્શન દે છે અને આજે પણ પોતાના અનન્ય આશ્રિતોની પ્રાર્થના સાંભળીને તેમના શુભ સકંલ્પો પૂર્ણ કરે છે.

શ્રી નરનારાયણદેવ હાજરાહજૂર છે તેનો પુરાવો આ મહામહોત્સવ છે. આ મહામહોત્સવમાં આવીને જેણે દર્શન કર્યા, કથા સાંભળી, સેવાઓ કરી તે સર્વેનું આત્યંતિક કલ્યાણનું કામ પાકું થઈ ગયું. અતિ ભવ્ય અને દિવ્ય આ મહોત્સવમાં જેણે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળ પરિવારનાં દર્શન કર્યા હોય, વિશાળ સંત સમુદાય તથા લાખોની સંખ્યામાં એકત્ર થયેલ સત્સંગ સમાજનાં દર્શન કર્યા હોય તેના મોક્ષ માટે કોઈ શંકા જ ન રહી.

મધ્યના ૩૫ માં વચનામૃત પ્રમાણે આ ઉત્સવ સર્વજન સમાજના ઉત્કર્ષ માટે હતો. યજ્ઞ, મહાપૂજા, અખંડધૂન, અખંડ પ્રસાદ ઉપરાંત ગરીબોને દર્દીઓને, વિદ્યાર્થીઓને જરૂરિયાત પ્રમાણેની વસ્તુઓ પહોંચાડવામાં આવી.

એટલે સર્વજીવ હિતાવહ આ ઉત્સવનું સ્મરણ થશે તેનું પણ કલ્યાણ થશે.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા અને આશીર્વાદ તથા તેઓશ્રીની અખંડ ઉપસ્થિતિમાં ઉજવાયેલા આ ઉત્સવમાં નાની મોટી અનેકવિધ સેવા કરનારાને તથા આવું ભવ્ય આયોજન સફળતાથી પૂર્ણ કરનારા પૂ. મહંત સ્વામીશ્રી તથા સર્વ કાર્યકર્તાઓ, આગેવાનો શતશત ધન્યવાદને પાત્ર છે.





પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પૂ. શ્રીરાજા વૃધ્ધાશ્રમોમાં શાલ ઓઢાડી સન્માન કરતા



# મંદિર સુશોભન









# શાકોત્સવ







# પરિવાર દિન







# યજ્ઞમંડપ











# यज्ञमंडप





શ્રી નરનારાયણદેવના સુવર્ણ સિંહાસનના યજમાન
પ.ભ. વિશ્રામભાઈ લાલજી પીંડોરીયા પરિવાર

# सन्मान



શ્રી ધર્મદેવ ભક્તિમાતા હરિકૃષ્ણ મહારાજના સુવર્ણ સિંહાસનના યજમાન
પ.ભ. લક્ષ્મણભાઈ ભીમજીભાઈ રાઘવાણી સહ પરિવાર



શ્રી રાધાકૃષ્ણદેવના સુવર્ણ સિંહાસનના યજમાન પ.ભ. ગાંડાભાઈ તથા વિષ્ણુભાઈ સહ પરિવાર



મહોત્સવના મુખ્ય યજમાન શેઠશ્રી નારાયણભાઈ ઈશ્વરભાઈ પટેલ સહ પરિવાર



કથાના મુખ્ય યજમાન પ.ભ. પરેશભાઈ દયાળજીભાઈ પટેલ સહ પરિવાર


શોભાયાત્રા



# શોભાયાત્રા




विमोचन

# ઉપાસ્ય સ્વરૂપની સમજણ

- શાસ્ત્રી નિર્ગુણદાસ (અસારવા ગુરુકુળ, અમદાવાદ)

ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્થાપિત કરેલા દિવ્ય ઉદ્ધવ સંપ્રદાયની અખંડિત પરંપરામાં ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી પાસેથી ભાગવતી વૈષ્ણવી મહાદીક્ષા ધારણ કરેલ ત્યાગ, વૈરાગ્ય સંપન્ન સંત સમુદાય આજ સમગ્ર વિશ્વમાં શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાનુંજ સ્વરૂપ ઋષિ રૂપ ધારણ કરેલ એવા શ્રીનરનારાયણદેવનો અપાર અને અદ્‌ભુત મહિમા માહાત્મયનું ગાન કરીને કરોડો મુમુક્ષુ જીવાત્માઓને એકાન્તિક ભક્ત બનાવીને આત્યન્તિક મહામોક્ષના માર્ગે પ્રયાણ કરાવી રહ્યા છે. આવા દિવ્ય મહામાર્ગે પ્રયાણ કર્યા વિના અક્ષરધામની પ્રાપ્તિ થતી નથી. આ માર્ગ છે એકાન્તિક પરમ ભાગવત ભક્તનો एक एव अन्तिकम् एकान्तिकम् એક એવા પરબ્રહ્મ પરમાત્મા ભગવાન પુરૂષોત્તમ નારાયણનો જ અન્તિક અર્થાત નજીકનો સ્નેહી કે તે સિવાય બીજા અન્યમાં કોઈ પણ પ્રકારે સ્નેહ કે મારાપણાની જેને ભાવના કે બુદ્ધિ જ ન હોય તેને એકાન્તિક કહેવાય. એવા એકાન્તિક ભક્ત થવું હોય તો તેવા સમર્થનું સેવન કરવું પડે એવા સમર્થ ભગવાન બદ્રીપતિ શ્રી નરનારાયણદેવ વિના બીજું કોઈ જ નથી. ભગવાન શ્રી નરનારાયણદેવ વિના નૈષ્ઠિક બ્રહ્મચારી સમગ્ર બ્રહ્માંડમાં કોઈ જ નથી તેવું દૃઢપણે માનીને ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના આશ્રિતોને પણ એવી બ્રહ્મચર્યની દૃઢતા પ્રાપ્ત થાય તેવા શુભ હેતુથી આ ઉદ્ધવ સંપ્રદાયમાં ઋષિ રૂપ ધારણ કરીને જગતના હિત માટે તપ કરતા એવા ભગવાન શ્રી નરનારાયણદેવનો આશ્રય કરીને તેમની જ ભક્તિ ઉપાસના અને સેવા



પૂજાની રીત પ્રવર્તાવી છે. તેનો સૌ પ્રથમ પ્રારંભ વચનામૃત પ્રથમના ૪૮ માં કર્યો અને ત્યાર પછી પોતાના ગૂઢ સંકલ્પની પૂર્તિ માટે જે પ્રથમ સંકલ્પ મહામંદિરોનું નિર્માણ કાર્યનો પ્રારંભ કર્યો ત્યારે એ જ બદ્રીપતિ ભગવાન શ્રી નરનારાયણદેવના જ દિવ્ય સ્વરૂપની પસંદગી કરીને સંપ્રદાયમાં સર્વત્ર મહામંદિરોમાં આ જ દિવ્ય સ્વરૂપોની પ્રાણ પ્રતિષ્ઠા કરીને સ્થાપવાનો શ્રી સ્વામિનારાયણ ભગવાનનો સંકલ્પ હતો. તેથી જ દરેક મહામંદિરોમાં પ્રસ્થાપિત કરવા અર્ચાસ્વરૂપ એવી પ્રતિમાઓ એટલે કે ભગવાનની સુંદર દિવ્ય મૂર્તિઓ મંગાવવાની થઈ ત્યારે ભગવાન શ્રી નરનારાયણદેવની જ મૂર્તિઓ મંગાવરાવી અને તે સ્વરૂપોની પ્રાણ પ્રતિષ્ઠા પણ કરી. પરંતુ ભક્તોની માગણી અને પ્રાર્થનાઓના કારણે તે શ્રી નરનારાયણદેવના દિવ્ય સ્વરૂપોના નામ બદલીને મહામંદિરોમાં પ્રતિષ્ઠા કરી. જેમ કે, મુળીમાં અને જુનાગઢમાં રણછોડત્રિકમ નામ ધારણ કરાવ્યા અને વડતાલમાં પણ પ્રતિષ્ઠા તો શ્રી નરનારાયણદેવની જ કરી અને આ મહાપ્રસાદીના દિવ્ય સ્વરૂપો બે ગામમાં સાવદા અને ધરગામમાં અલગ અલગ ભક્તોને સોંપ્યા અને ભક્તિ ઉપાસના કરવાની

આજ્ઞા કરી. આવી રીતે અમદાવાદ અને ભુજ સિવાયના મહામંદિરોમાં ભક્તોની લાગણી માગણી અને ભાવનાને ધ્યાનમાં રાખીને પોતાના જ બીજા દિવ્ય લીલા સ્વરૂપો જેમ કે વડતાલમાં શ્રી લક્ષ્મીનારાયણદેવ, મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ, ધોળકામાં મોરલીમનોહરદેવ, જેતલપુરમાં શ્રી રેવતીબળદેવજીદેવ, જૂનાગઢમાં શ્રી રાધારમણદેવ, ધોલેરામાં શ્રી મદનમોહનદેવ, ગઢપુરમાં શ્રી ગોપીનાથજીદેવ એવા વિવિધ નામોથી ઓળખાતા પોતાના સ્વરૂપોની ઉપાસના ભક્તિ કરવા પ્રસ્થાપિત કરી આપ્યા. આ દિવ્ય સ્વરૂપોની ઉપાસના ને આશ્રય બળથી જીવાત્માને આત્યન્તિક મોક્ષની અને અક્ષરધામની પ્રાપ્તિ સરળતાથી થાય તેવા મહાપ્રતાપી શ્રી નરનારાયણદેવ તે તો સાક્ષાત્ સર્વાવતારી સર્વોપરી પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણનું જ સ્વરૂપ છે. તેવું સર્વ શાસ્ત્રોમાં વર્ણવેલ છે. નંદ સંતોએ પણ પોતાના કીર્તનોના પદોમાં તેનું જ પ્રતિપાદન કરેલ છે. જેમ કે મુક્તાનંદ સ્વામી - હે સહજાનંદ સ્વામી શ્રી સ્વામિનારાયણ ભગવાન તમે કેવા ભગવાન છો? તે આરતીના શબ્દોમાં સ્વામી જણાવે છે - નારાયણ નર ભ્રાતા..... એવી જ રીતે નિષ્કુળાનંદ સ્વામી - છો એક ને દિસો છો દોય. તેનો ભેદ જાણે જન કોય ! આવા અસંખ્ય વચના સંપ્રદાયમાંથી મળે છે. તેને સમજી વિચારીને આ શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં નિયમ પ્રતિજ્ઞા કરીને શ્રીજી મહારાજની આજ્ઞા પ્રમાણે જો પોતાની નિત્ય પૂજામાં શ્રી નરનારાયણદેવનું સ્વરૂપ જે મહારાજે પૂજા કરવા આપેલ છે તે મૂર્તિ રાખશે તેનો તો આ ભવ પાર ઉતરી જ જશે. બાકી તો સૌ સૌનું સૌ જાણે. એજ અસ્તુ જયશ્રી સ્વામિનારાયણ.

## સમસ્ત સત્સંગને સૂચન

સાધુ ઘનશ્યામપ્રકાસ ગુરુ સ્વામી જગતપ્રકાશદાસજી અમદાવાદ (જમીયતપુરા વાળા) છેલ્લા કેટલાક સમયથી સંપ્રદાય અને મંદિરની વિરૂદ્ધની પ્રવૃત્તિ કરનારા વિરોધી અસામાજીક તત્વો વ્યક્તિઓની સાથે નિકટતાનો સંબંધ રાખીને સંપ્રદાયને બદનામ કરવાવાળા તત્વોને પ્રોત્સાહન અને સહયોગ આપે છે. આ વાતની સત્યતાની હરિભક્તોમાં જાણ થતાં યુવકો અને હરિભક્તોએ આકરા પગલા લેવાની ફરિયાદ કરી છે. તથા શ્રી નરનારાયણદેવ ત્યાગી પંચે તા. ૨૫-૧-૨૦૧૫ના ઠરાવથી અમદાવાદ મંદિરના અગ્રગણ્ય સંતોએ અમને લેખીતમાં તેને બહિસ્કૃત કરવાની રજુઆત કરી છે તો તે વ્યક્તિ અમારી આજ્ઞાની બહાર વર્તન કરતા હોઈ તેની સાધુ ત્યાગી દિક્ષા રદ કરીને મંદિરના ત્યાગી નાગરિક પદેથી બહિસ્કૃત કરીને સંપ્રદાયમાંથી કાઢી મૂકવા માટે તા. ૨૮-૨-૨૦૧૫ ના બહાલી આપેલ છે જેથી આ વ્યક્તિ સાથે કોઈપણ પ્રકારનો ધાર્મિક વ્યવહાર રાખવો નહી તેની સર્વે સત્સંગીઓને જાણ કરવામાં આવે છે.

- આજ્ઞાથી

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે એડ્રેસ**
shreeswaminarayan9@gmail.com

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરના લાઈવ દર્શન તથા ડેઈલી દર્શન માટે
**www.swaminarayan.in**
અવશ્ય મુલાકાત લો

એન્ડ્રોઈડ અને આઈ.ઓ.એસ. ફોન માટે નવા નિર્ણયની ૨૦૭૧-૭૨ના વર્ષની એપ્સ અબગ્રેડેશન કરવા માટે ઉપલબ્ધ

# यज्ञोपवित















# મહાનુભાવોના ઉદ્‌ગારો

સંકલનઃ પ્રફુલ ખરસાણી



**આનંદીબેન પટેલ**

**માનનીય મુખ્ય મંત્રી શ્રી, ગુજરાત રાજ્ય**

આજે આનંદ આનંદ છે. બહેનોને આગળ બેસવાનો વારો આવ્યો છે. સ્વામિનારાયણ ભગવાન એમણે કરેલ વર્ષો સુધી કાર્યો, ૧૯૨ વર્ષ પહેલાં સ્થાપેલ આ પંથમાં ૩૫ હજારથી વધુ મહિલા સેવા કરે છે એ બહુ આનંદની વાત છે. સ્વામિનારાયણ ભગવાનના માર્ગદર્શન હેઠળ સાધુ-સંતો અને સામાજીક આગેવાનો સમાજ ઘડતરનું કામ કરતાં હોય છે. અને આ બધુ પોતાના જીવનમાં ઉતાર્યા પછી કરતા હોય છે. ઉપદેશ આપવો એ જુદી વાત છે અને જીવનમાં એ બાબતને ઉતારવી જુદી વાત છે. અને એટલે ભગવાન પણ સ્વયં એમના માર્ગદર્શન અને પ્રેરણાથી સતી પ્રથાનો જે રિવાજ હતો એના પર પ્રતિબંધ મૂકાવ્યો જેને કારણે આ સમસ્યા આજે ક્યાંય નડતી નથી અને સતી પ્રથા એવી પ્રથા હતી કે પુરૂષ મૃત્યુ પામે, પતિ મૃત્યુ પામે ત્યારે સળગતી ચિત્તામાં જીવતી પત્નીને એની ઈચ્છા હોય કે ના હોય એની અંદર હોમી દેવામાં આવતી હતી. આવી સ્થિતિમાં કોઈ એની સામે અવાજ ઉઠાવી શકે તેમ ન હતું પણ આવો નરસંહાર એ જમાનામાં ચાલતો હતો ત્યારે સ્વામિનારાયણ ભગવાનની પ્રેરણાથી સમાજના આગેવાનો આગળ વધ્યા અને અંગ્રેજ સરકારમાં કાયદા ઘડાયા. કાયદાઓનો કડક અમલ કરવા આગેવાનો આગળ આવ્યા અને નિભાવ્યું. ધીરે ધીરે કરીને સતી પ્રથા બંધ કરાવી અને આજે એ સતી પ્રથા નાબૂદ થઈ ગઈ.

**માનનીય શ્રી શંકરસિંહ વાઘેલા :**



દિશા દેવા માટે ધર્મનો આશરો. મોટા ડાકુ, લૂંટારા, અસામાજીક તત્ત્વો, મોટા મોટા રાજા, મહારાજાઓને પોતાની વાણી વહેવારથી સાષ્ટાંગ દંડવત પ્રણામ કરવા પ્રેરે તેવા શ્રી સ્વામિનારાયણ ભગવાન સ્થાપિત શ્રીનરનારાયણદેવની આ સંસ્થા મૂળ થડ છે. શાખાઓ તો ઘણી હોય પણ મૂળ મજબૂત જોઈએ. એના માટે ત્રિદેવ સિંચન કરી રહ્યા છે અને ભાગ રૂપે આવા દિવ્ય મહોત્સવનું આયોજન થયું છે તેમાં આવવાથી મારી જાતને ધન્ય માનું છું. અમારા કાર્યક્ષેત્ર (રાજકારણ)માં આર્ટિફિશિયલ બનવું પડે છે. અહીંયા હૃદયથી ઉમળકો થાય અને નમન થાય છે.



**શ્રી નિતીન પટેલ (માનનીય મંત્રીશ્રી, આરોગ્ય વિભાગ, ગુજરાત રાજ્ય):** સરકારી મકાન હોય કે મંદિર જીર્ણોધ્ધાર કરવો આવશ્યક હોય છે. પણ એને ઉત્સવ બનાવી ઉજવવો અને તે પણ સામાજીક કાર્યક્રમથી, એ બહુ આનંદની વાત છે. મેડિકલ દિન, પર્યાવરણ દિન અને મહિલા દિન ઉજવીને સત્સંગની સાથે સાથે સમાજ ઘડતરનું પણ કાર્ય થઈ રહ્યું છે.

**માનનીય શ્રી નરહરી અમીન :** સમાજને સુસંગઠિત રાખવાની, નિરોગી રાખવાની જવાબદારી રાજ્ય સરકારની છે. તેમાં આજે સ્વામિનારાયણ સંપ્રદાય ભાગીદાર બન્યું છે. જુદાં જુદાં દિવસો ઉજવી, સરકારની જુદી જુદી યોજનાઓથી સંપ્રદાયના હરિભક્તોને માહિતગાર કર્યા છે. આજે દેશ-વિદેશમાં આપણા સમાજને ઘડવાનું કામ આ સંપ્રદાયે કર્યું છે.





**મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (કાલુપુર) :** સત્સંગ વધે કે ઘટે તે શ્રી નરનારાયણદેવની ઈચ્છાથી થાય છે. આ ગાદીમાં સૌ ખભે ખભા મિલાવી કામ કરે છે. તેથી ખંડિત નથી થઈ. આ ઉત્સવ માટે અમે દેશ વિદેશ ફાળો કરવા ફર્યા અમને હતું કે શ્રીનરનારાયણદેવનો ઉત્સવ છે માટે હરિભક્તો ખોબે ખોબા દાન આપશે પણ અમારા આશ્ચર્ય વચ્ચે હરિભક્તોએ તો ટોપલા ભરી ભરીને દાન આપ્યું છે. તો આ નરનારાયણ દેવ કોઈનું રાખે તેવા નથી તેનું અનંત ઘણું કરી પાછું વાળશે. સંતો, કમિટિ મેમ્બરો અને સૌ હરિભક્તોના સાથ અને સહકારથી આ ભગીરથ કાર્ય પૂર્ણ થયું છે. સૌનો હૃદય પૂર્વક આભાર.

**સ.ગુ. શા. નિર્ગુણદાસજી સ્વામી :** પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન કોઈ યુનિવર્સિટીમાં નથી મળતું પણ પાંચેય ઈન્દ્રીયોને પાછી વાળી પરમાત્માના સ્વરૂપ સાથે જોડીએ ત્યારે મોક્ષ મળે છે. શ્રી નરનારાયણ દેવ કોઈનું પણ રાખતા નથી અચૂક ફળ આપે જ છે. શ્રી નરનારાયણદેવ આપ સૌ પર પ્રસન્ન થાય તેવી પ્રાર્થના.





**સ.ગુ. પુરૂષોત્તમપ્રકાશદાસજી પી.પી.સ્વામી (જેતલપુર) :**
શ્રી નરનારાયણ દેવ અને શ્રી સ્વામિનારાયણ ભગવાન એક જ છે તે વાત આ ઉત્સવ દ્વારા પ્રતિપાદન થઈ છે. ત્યાંથી જ આપણા પ્રસંગની શરૂઆત થઈ છે. અને એ જ પાયો છે. શ્રી સ્વામિનારાયણ ભગવાને અમદાવાદમાં શ્રી નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરી ત્યારે ભારતમાં ૫ લાખ મંદિરો હતાં પરંતુ શ્રી નરનારાયણ દેવનું મંદિર નહોતું. આથી કાલુપુરનું મંદિર શ્રી નરનારાયણ દેવનું પણ પ્રથમ મંદિર અને શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું પણ સર્વ પ્રથમ મંદિર બની રહ્યું છે. આજે પરિવાર દિન છે અને અહિં ધર્મકુળ પરિવારની ત્રણ પેઢી એક સાથે આપણને દર્શન આપે છે.

**શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી (સેક્ટર-૨, ગાંધીનગર)**
અગાઉના વખત માં ૬૦ હજાર વર્ષો સુધી તપ કરવાથી પણ મોક્ષ નહોતો મળતો. પરંતુ શ્રીજી મહારાજે મધ્યના ૩૫માં વચનામૃતમાં કહ્યું કે જયાં જયાં અમારા હરિભક્તો ભેગા મળી ઉત્સવ કર્યા હોય, અમારી પૂજા થઈ હોય, અમારા લીલા ચરિત્રોના ગાન થયા હોય તેવા ઉત્સવોની ઝાંખી જો અંત સમયે થઈ આવે તો તેને જરૂર મોક્ષ મળે છે. આપણે ૬૦ હજાર વર્ષ તપ કરવાની જરૂર નથી. આ ઉત્સવના દર્શન આ ધર્મકુળના દર્શન અંત સમયે યાદ આવશે તેને અવશ્ય મોક્ષ મળશે તે વાત યાદ રાખશો. અને આ ઉત્સવ એટલા માટે પણ વિશિષ્ટ છે કે આ ઉત્સવમાં ગરીબો, બિમાર, વિદ્યાર્થી, વિકલાંગ સૌને યાદ કરાયા છે. આમાંથી સૌને કાંઈ ને કાંઈ મળ્યું છે.





**શા. સ્વામી આત્મપ્રકાશદાસજી (મહંત સ્વામી-જેતલપુર) :**
શ્રી નરનારાયણ દેવ સિવાય પોતાના મોક્ષ માટે બીજો વિચાર કરવો નહીં. કારણ કે શ્રી સ્વામિનારાયણ ભગવાન જે આપીને ગયા છે તેમાં શ્રીનરનારાયણ દેવ દેશે ક્યાંય ઉમેરો નથી કર્યો કે ઘટાડો પણ નથી કર્યો. બસો વર્ષની આપણી આ પરંપરા ચાલી આવે છે. શ્રી નરનારાયણદેવ દેશ ક્યાંય ખંડિત થયો નથી ને ક્યારેય થવાનો પણ નથી. નાનો મહોત્સવ હોય કે મોટો હોય. સ્વામિનારાયણ ભગવાન-નરનારાયણ દેવ આપણી સાથે જ છે.



**પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી (મહંતશ્રી, ભુજ) :** ખરેખર આજનો ઉત્સવ સુવર્ણ સિંહાસનના ઉદ્દ્ઘાટનનો મહોત્સવ બની ગયો છે. તે ખૂબ આનંદની વાત છે. આ ઉત્સવ જેણે જોયો...ન ભૂતો ન ભવિષ્યતિ કહી શકાય. શ્રીજી સમકાલિન જેવા સંતો હતા તેવા જ અત્યારે સંતો છે. તે સમયે જેવા હરિભક્તો હતા તેવાજ હરિભક્તો છે. સૌ સંતો અને હરિભક્તો નિષ્કામ સેવા કરે છે. કોઈ ફળની આશા વગર માત્ર ભગવાન અને આચાર્ય મહારાજશ્રીને રાજી કરવાના ઉદ્દેશથી સેવા કરે છે. અક્ષરધામ અહિંજ છે, આવો દિવ્ય સત્સંગ મળ્યો છે આપણા ભાગ્યની શી વાત કરવી. ધામોધામથી આવેલા સંતો - હરિભક્તોના દર્શન કરી, ઉત્સવ માણી અમે ભુજના સંતો ખૂબ રાજી થયા છીએ.

**સ.ગુ. મહંત સ્વામી શ્યામસુંદરદાસજી (મૂળી) :** પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવ અને મૂળી નિવાસી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની કૃપાથી આપને સૌને આવો દિવ્ય મહાઅલૌકિક શ્રી નરનારાયણદેવ મહોત્સવ માણવાનો લ્હાવો મળ્યો છે તે જીવનમાં યાદ રાખજો. આ મોટેરાની ભૂમિ ભગવાનની પ્રસાદીની ભૂમિ છે. અહી શ્રીજી મહારાજે પધારીને આ ભૂમિને તીર્થ ભૂમિ બનાવી છે. એમાં આજે આ ઉત્સવ આ ભૂમિ પર ઉજવાયો તેથી મોટેરા ગામને પણ અતિ ધન્ય છે.





**જાદવજી ભગત-ભુજ :** આ દેવ વિરાજમાન છે. દેવ મંદિરનો જીર્ણોધ્ધાર ચાર-ચાર મહંતોએ કર્યો. જીર્ણોધ્ધાર એટલો સરસ કર્યો. સાથે સાથે સિંહાસનનો જીર્ણોધ્ધાર કર્યો. તમે હરિભક્તો બધા તિજોરી ખોલીને આ દેવની સેવા કરી છે. તમે જે કર્યું દેવને માટે કર્યું છે. જે તમે વાવ્યું હશે તે તમારે લેખે લાગશે. જે તમારા દીકરા-દીકરીઓ આવશે તે પ્રારબ્ધ લઈને આવશે.

**પી.પી.સ્વામી (નાના) :** આ ઉત્સવ કરવાની પરવાનગી પ.પૂ.મહારાજશ્રીએ આખું વર્ષ ભજન કરવાની બાંહેધરી ના બદલામાં આપી હતી. પછી આવ્યુ સ્થળ પસંદ કરવાનું ત્યારે પણ પ.પૂ.આચાર્ય મહારાજશ્રીએ આ જગ્યા પર આવી ને ગાડીમાંથી ઉતર્યા વિના જ કહ્યું આ જગ્યા પાસ. કારણ કે આ મોટેરા ગામમાં ભગવાન સ્વામિનારાયણ દસ-દસ વખત આવી ચૂક્યા છે. આનાથી બીજી પવિત્ર જગ્યા કઈ હોઈ શકે ?




શા. સ્વા. પ્રેમપ્રકાશદાસજી (ભૂજ)


બ્ર. સ્વામી વાસુદેવાનંદજી (છપૈયા)


શા. સ્વા. જગતપ્રકાશદાસજી (અ'વાદ)


સ્વામી ગુરુપ્રસાદદાસજી (કાંકરિયા)


શા. સ્વા. નૌતમપ્રકાશદાસજી (વડતાલ)


સ્વામી કૃષ્ણવલ્લભદાસજી (સુ.નગર)


બાપુ સ્વામી (વડતાલ)


શા. સ્વા. પ્રેમસ્વરૂપદાસજી (જુનાગઢ)


એસ.પી. સ્વામી (ગઢડા)


શા. સ્વા. નારાયણપ્રસાદદાસજી (મૂળી)


શા. સ્વા. ભક્તિહરિદાસજી (મૂળી)


શા.સ્વા. દેવકૃષ્ણદાસજી (ભુજ)


શા.સ્વા. ભગવતજીવનદાસજી(ભુજ)


શા. સ્વા. અક્ષરપ્રકાશદાસજી (ભુજ)


શા. સ્વા. જ્ઞાનપ્રકાશદાસજી (અ'વાદ)


શા.સ્વા. ધર્મવિહારીદાસજી (ઢસા)


શા.સ્વા. હરિૐપ્રકાશદાસજી (નારણપુરા)


શા. સ્વા. પ્રેમસ્વરૂપદાસજી (કલોલ)


શા. સ્વા. સિધ્ધેશ્વરદાસજી (માણસા)


શા. સ્વા. અખિલેશ્વરદાસજી (મથુરા)


શા.સ્વા. રઘુવીરચરણદાસજી (સોકલી)


શા. સ્વા. ડી.કે. સ્વામી (પ્રયાગ)


મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા


પ.ભ. ભીખાભાઈ (નૈરોબી)


પ.ભ. ઉદય ગૌસલીયા (અમેરીકા)

# કેમેરા કોર્નર















# કળિયુગમાં સત્યયુગનાં દર્શન એટલે શ્રીનરનારાયણદેવ મહોત્સવ

- શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી
(મહંત સ્વામી, શ્રી સ્વામિનારાયણ મંદિર વડનગર)

**જ્યારે ઘણાક મનુષ્ય ભગવાનના એકાંતિક ભક્ત થાય છે ત્યારે કળિયુગને વિષે પણ સત્યયુગ થાય છે.** (વચનામૃત વડતાલ ૬)

ઉપરોક્ત વચનો શ્રીજીમહારાજનાં છે. જે વચનો આપણે શ્રી નરનારાયણદેવ મહામહોત્સવમાં પ્રત્યક્ષ અનુભવ દ્વારા 'કળિયુગમાં સત્યયુગ' નિહાળી ધન્યતા પ્રાપ્ત કરી. આ બાબત ભગવાનના એકાંતિક ભક્ત માટે જ સાર્થક બને છે. શ્રી નરનારાયણદેવ મહામહોત્સવમાં જ્યાં દૃષ્ટિ કરીએ ત્યાં 'સ્વામિનારાયણ' 'સ્વામિનારાયણ' અને સેવા, સ્મરણ તેમજ સત્સંગની સરિતા વહેતી જોવા મળતી.

મીરાબાઈના ઝેરને પ્રભુએ અમૃત બનાવ્યા એ માત્ર એક ઐતિહાસિક ઘટના નથી. પરંતુ એ તો વિશ્વ અને વિશ્વંભરના સ્વભાવનો શાશ્વત પરિચય. ઝેર ઓકવાની જગતને ટેવ છે જ્યારે અમૃતવર્ષા કરવી જગદીશ્વરની સુટેવ છે. આપણા આ શ્રી નરનારાયણદેવ મહામહોત્સવમાં સર્વત્ર અમૃતવર્ષાનો અનુભવ કરી આપણે તન, મન અને ધનની સાર્થકતા શ્રી નરનારાયણદેવના ચરણકમળમાં ન્યોછાવર કરી એ જ કળિયુગમાં સત્યયુગનાં દર્શન છે. આ દર્શન સંત-હરિભક્તોમાં સદાય ટકી રહે એટલે જ સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને ગઢડા પ્રથમ પ્રકરણના ૪૮ માં વચનામૃતમાં સ્વમુખે આજ્ઞા કરી છે કે, "સર્વે સાવધાન થઈને સાંભળો. એક વાર્તા કરીએ છીએ." ત્યારે સર્વે મુનિ તથા હરિભક્ત બોલ્યા જે "હે મહારાજ કહો !" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "એ અમારી આજ્ઞા છે જે, હરિભક્ત માત્રને શ્રી નરનારાયણની મૂર્તિ કાગળમાં લખાવી દઈશું. તે પૂજજો અને એ પૂજા સર્વે શાસ્ત્રે કરીને પ્રમાણ છે અને શ્રીમદ્ ભાગવતને વિષે પણ અષ્ટ પ્રકારની મૂર્તિ કહી છે. માટે ચિત્ર મૂર્તિ પણ અતિ પ્રમાણ છે અને અમારી આજ્ઞા પણ છે. માટે હરિભક્ત માત્રને પ્રાતઃ કાળમાં સ્નાન કરીને શ્રી નરનારાયણની પૂજા કરવી અને પૂજા કર્યા પછી પ્રદક્ષિણા કરવી અને સાષ્ટાંગ પ્રણામ કરવા, પછી ભગવાન પાસે એમ માગવું જે 'હે મહારાજ ! અમારી કુસંગ થકી રક્ષા કરજ્યો. તે કુસંગ ચાર પ્રકારનો છે. એક તો કુડાપંથી, બીજો શક્તિ પંથી, ત્રીજો શુષ્ક વેદાંતી અને ચોથો નાસ્તિક એ ચાર પ્રકારનો કુસંગ છે.

માટે ભગવાનની પાસે માગવું જે એ ચાર પ્રકારના માણસનો કોઈ દિવસ સંગ થશો નહિ. અને વળી એમ પ્રાર્થના કરવી જે 'હે મહારાજ ! કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, ઈર્ષ્યા અને દેહાભિમાન એ આદિક જે અંતઃશત્રુ તે થકી રક્ષા કરજો, અને નિત્ય તમારા ભક્તનો સમાગમ દેજો.' એવી રીતે નિત્ય ભગવાનની પ્રાર્થના કરવી.

અને તમે સર્વે હરિભક્ત એમ મનમાં લાવશો મા જે એતો કાગળ ઉપર ચિત્રામણ છે તે આપણી કેમ કુસંગ થકી રક્ષા કરશે ? એવો ભાવ તો કોઈ દહાડો લાવશો જ મા, કાં જે અમે તો સત્પુરુષ છીએ તે અમારી આજ્ઞાએ કરીને તમે સર્વે નરનારાયણની પૂજા રાખશો તો અમારે અને નરનારાયણને તો સુધો મનમેળાપ છે. તે અમે નરનારાયણને કહીશું જે હે મહારાજ ! જે પંચવર્તમાનમાં રહીને અમારી આપેલ જે તમારી મૂર્તિ તેને પૂજે તેમાં તમે

અખંડ વાસ કરીને રહેજો. માટે એ નરનારાયણદેવ છે તેને અમે સ્નેહરૂપી પાશે બાંધીને જોરાવરી રાખીશું. માટે તમે સર્વે એમ નિશ્ચે જાણજો જે એ મૂર્તિ તે નરનારાયણદેવ પંડે જ છે. એવું જાણીને કોઈ દહાડો મૂર્તિ અપૂજ રહેવા દેશોમાં અને પ્રાતઃકાળમાં સ્નાન કરીને ભગવાનની પૂજા કરવી અને પછી બીજો ધંધો કરવો અને જ્યાં સુધી પંચ વર્તમાનમાં રહીને એ નરનારાયણ દેવની પૂજા કરશો ત્યાં સુધી એ મૂર્તિને વિષે શ્રી નરનારાયણદેવ વિરાજમાન રહેશે. એ અમારી આજ્ઞા છે તે સર્વે દઢ કરીને માનજો. એવી રીતે શ્રીજી મહારાજ બોલ્યા તે વચન સર્વે હરિભક્તે માથે ચડાવ્યા. (વચ.પ્ર.પ્ર. ૪૮)

ઉપરોક્ત શ્રીજી મહારાજની આજ્ઞા અમૃતવર્ષા કરતા જણાવે છે કે, શ્રી નરનારાયણદેવની પૂજા દરરોજ જે કોઈ કરશે તેના જીવનમાં 'કળિયુગમાં સત્યયુગ' સદાય પ્રવર્તાશે એમાં કોઈ સંશય નથી, અને શ્રીજી મહારાજનો અનન્ય ભક્ત આ આજ્ઞા અવશ્ય માથે ચડાવી પોતાને પ્રાપ્ત થયું એવું ''સત્સંગી'' અથવા 'હરિભક્ત' અથવા 'સાધુ' બિરૂદને સાર્થક કરશે જ. અને તો જ એ શ્રીજી મહારાજનો સાચો આશ્રિત સાર્થક થશે.

શ્રી નરનારાયણદેવ મહામહોત્સવમાં આપણા ધર્મગુરુ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજ ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પૂ. લક્ષ્મીસ્વરૂપા ગાદીવાળાશ્રી તથા પૂ. મોટા ગાદીવાળાશ્રી તથા સંતો-મહંતોએ પણ શ્રીહરિની આજ્ઞાનુંસાર શ્રીનરનારાયણદેવનો જ સૌને મહિમા સમજાવી શ્રી નરનારાયણદેવના મહામહોત્સવને સાચા અર્થમાં સાકાર અને સાર્થક કરી સૌ ભક્તસમૂદાયને દેશમાં અને વિદેશમાં 'કળિયુગમાં સત્યયુગ'નાં દર્શન કરાવી મહોત્સવનો જયજકાર સદાને માટે ગુંજતો રાખ્યો છે, જે હરહંમેશ ગુજતો જ રહેશે.


સંસારમાં જે લોકો શ્રીજી મહારાજની મૂળભૂત આજ્ઞાઓ અને સિધ્ધાન્તોથી દૂર થઈ જાય છે તે લોકો ડૂબે છે, પણ જે લોકો શ્રીજી મહારાજની આજ્ઞા અને સિદ્ધાન્તાનુસાર સત્સંગ અને્ ભક્તિ અવિરત કરતા રહે છે તેઓને તારવાની જવાબદારી શ્રીજી મહારાજે સ્વીકારી જ છે.

સ્વામિનારાયણ સંપ્રદાયના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયેલ છે કે શ્રી સ્વામિનારાયણ ભગવાને વિશ્વનું સૌ પ્રથમ મંદિર અમદાવાદમાં બંધાવી પોતે બાથમાં લઈને વેદોક્ત વિધિ અનુસાર શ્રી નરનારાયણદેવ પધરાવી ''યાવત્ ચન્દ્ર દિવાકરૌ'' સૂર્ય ચંદ્ર તપે ત્યાં સુધી મોક્ષમાર્ગ પ્રસ્થાપિત કરી કળિયુગમાં સત્યુગને ચિરંજીવી બનાવ્યો.

અમદાવાદમાં શ્રીજી મહારાજના ચરણકમળથી પાવન ધરતી મોટેરાના આંગણે ઉજવાયેલ શ્રી નરનારાયણદેવ મહામહોત્સવના સંસ્મરણો વાગોળતા સ્મરણ થઈ આવે છે કે શ્યામ રંગે રંગાયેલ નરસિંહ મહેતાને જગતે ગાંડો ગણ્યો, સુરદાસને જગતે પાગલની પદવી આપી,તો મીરાંને દીવાની કહીને નવાજી, પરંતુ સત્સંગ અને ભક્તિમાર્ગના પનોતા પથિકોને શ્યામ રંગનો મહિમા અજાણ્યો નહોતો. શ્યામ રંગ સમીપે જગતના બીજા રંગો ફિક્કા લાગે છે. એટલું જ નહી પણ શ્યામ રંગ રંગાયા પછી બીજા કોઈ રંગે રંગાવાનો ભય રહેતો નથી. આ રીતે શ્રી નરનારાયણદેવના ચરણકમળમાં અનેકવાર મસ્તક નમાવી જીવન સમર્પિત કરનાર જીવાત્મા કાળ, કર્મ કે માયાના ભયથી રહિત થઈ જન્મ મરણની સંસૃતિમાંથી મુક્તિ પામે છે.

અમદાવાદ મંદિરના વર્તમાન મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી તથા તેઓશ્રીના સંત મંડળ અને સ્કીમ કમિટીના સભ્યશ્રીઓએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રીકોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આશીર્વાદાત્મક આજ્ઞાથી દેવ મંદિરનો જીર્ણોદ્ધાર, સુવર્ણ સિંહાસન તેમજ અન્ય મરામતી કાર્યો કરવા રાત દિવસ અથાગ પરિશ્રમ દ્વારા ફંડફાળો એકત્રિત કરી સર્વ શ્રેષ્ઠ સર્વ જીવ હિતાવહ કાર્ય કરી શ્રી નરનારાયણદેવ મહામહોત્સવ શાનદાર રીતે ઉજવી જયજયકાર પ્રવર્તાવ્યો એ જ સૌ ભાવિક ભક્તજનો માટે જીવનનું અણમોલ સંભારણું બની રહેશે.

# અભિષેક





# संत सन्मान











# યાદગાર પળો





# स्वामी-सेवक मिलन



# ભાગ્ય મોટાં એ ભૂમિના, જ્યાં પધાર્યા પોતે ધણી !

- અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (અમદાવાદ)

શ્રી નરનારાયણદેવ પ્રત્યક્ષ જ્યાં બિરાજતા હોય એ ભૂમિનાં ભાગ્યની તો શી વાત કરીએ ! વિશ્વના સર્વ પ્રથમ એવા શ્રી સ્વામિનારાયણ મંદિર - કાલુપુર અમદાવાદમાં પ્રત્યક્ષ બિરાજમાન એવા શ્રી નરનારાયણદેવનો મહિમા તો અદ્ભુત, અખૂટ અને અવિનાશી છે.

આપણા ધણી આપણા માલિક - શેઠ કે બોસ જ્યારે સામે ચાલીને આપણા ઘેર આપણને મળવા માટે રાજી થઈને આવે છે ત્યારે આપણને કેટલો આનંદ થાય છે અને કેવા રોમાંચિત થવાય છે ! બસ એમ જ અનંતકોટિ બ્રહ્માંડોનાં અધિપતિ એવા ભગવાન શ્રી સ્વામિનારાયણ આજથી લગભગ ૧૯૨ વર્ષ પહેલાં સંવત ૧૮૭૮ ને ફાગણ સુદી તૃતિયાને દિવસે અમદાવાદ (શ્રીપુર, શ્રીનગર) શહેર મધ્યે શ્રી નરનારાયણદેવ સ્વરૂપે સામે ચાલીને આપણા નગરમાં આવ્યા છે, વસ્યા છે અને અદ્યપિપર્યંત અખંડ બિરાજીને અદ્ભુત દર્શન સુખ આપી રહ્યા છે. ત્યારે આથી વિશેષ આ ભૂમિના અને આપણાં બીજા ક્યા અહોભાગ્ય હોઈ શકે !

જ્યારે આપણું ઘર હોય, મકાન હોય ફલેટ કે બંગલો હોય એ જ્યારે સમયને ઘસારે જીર્ણ થાય છે ત્યારે એનું રિનોવેશન કરાવીને નવા રૂપરંગ આપ્યાં પછી એ નિમિત્તે આપણાં સગા-સંબંધી મિત્ર વર્તુળને આમંત્રીને આનંદભેર એની ઉજવણી કરીએ છીએને ? જ્યારે આ તો આપણા સંપ્રદાયના અધિપતિ દેવ એવા શ્રી નરનારાયણદેવની વાત છે. એટલે સમગ્ર સત્સંગ પરિવારે ભેગાં મળી એની ઉજવણીનો ઉત્સવ જે આપણે ઉજવ્યો અને જેણે જેણે એમાં ભાગ લીધો એ સર્વેના ભાગ્યની વાત પણ અનોખી જ હોય ને ?

“આ શ્રી નરનારાયણદેવનું સ્વરૂપ અને અમારા સ્વરૂપમાં લેશ માત્ર ફેર નથી” આવા મહિમા વચને યુક્ત મહાપ્રતાપી અને ભરતખંડના વિશેષ રાજા એવા શ્રી નરનારાયણદેવનું મંદિર આજે તદ્દન નવાં રૂપરંગ સાથે દેદીપ્યમાન ભાસે છે. સમગ્ર મહામંદિરનાં પરિસરને નવો જ ઓપ આપવામાં આવ્યો છે. મંદિરની ફરશ શ્વેત સંગેમરમરથી શોભી રહી છે. ત્રણેય ગર્ભગૃહો નૂતન સુવર્ણ સિંહાસનોથી અત્યંત તેજોમય દીસે છે. ઐતિહાસિક સભામંડપ, અદ્ભુત કલાકારીગરી યુક્ત હવેલી, સંતોના આવાસસ્થાનો તથા રંગમહોલ આ સર્વે નવા રૂપરંગ પામ્યાં છે. ટૂંકમાં વિશ્વનું સર્વ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર સંપૂર્ણ નવસર્જન પામ્યું છે. આ કાંઈ નાનું સુનું કાર્ય નહોતું. નિત્ય પ્રત્યે શ્રી નરનારાયણદેવનાં મંગળા, શણગાર, રાજભોગ, ઉત્થાપન અને શયન મનોરથો ચાલુ રહેતાં તથા દર્શનાર્થી ભક્તજનોનો પ્રવાહ પણ અવિરત વહેતો રહ્યો અને સાથે સાથે રિનોવેશન કાર્ય પણ ચાલતું રહ્યું ! સોમપુરા ભક્ત જનોએ ટાંકણાં મારી મારીને ટાઢ,



તાપ, વરસાદ સહન કરીને પ્રત્યેક શીલાને આકાર આપ્યો છે ! આ પ્રોસેસ કાર્ય સહેલું તો નહોતું જ, છતાંય શ્રીહરિની કૃપા થકી જ આવું વિશાળ કાર્ય પરિપૂર્ણ થયું.

અને આ વિશાળ કાર્યના પરિપાક રૂપે આપણે સર્વેએ ભેગા મળીને એક બૃહદ સત્સંગ પરિવારની જેમ ''શ્રી નરનારાયણદેવ મહામહોત્સવ'' ખૂબ ખૂબ આનંદ, ઉલ્લાસ અને ભાવ-સભર ઉજવ્યો.

ઝવેર ભગતના મહિમાશાળી મોટેરા ગામની સીમમાં આપણાં જ મોટેરાનાં હરિભક્તોની વિશાળ જમીન છે - જે ભૂમિ ને આવા ભવ્ય મહોત્સવનું નિમિત્ત બનવાનું ભાગ્ય સાંપડ્યું. જગ્યા એટલી વિશાળ હતી કે ક્યાંય ભીડ કે ભીંસ જોવા ન મળી. મહોત્સવનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર અદ્‌ભુત હતું. વર્તુળ-આકારની થીમ હતી અને મહોત્સવના પરિસરનું જે કેન્દ્ર બિંદુ હતું ત્યાં જ શ્રી નરનારાયણદેવનું નાનકડું છતાંય રૂપકડું મંદિર હતું ! આમેય શ્રી નરનારાયણદેવ (શ્રી સ્વામિનારાયણ ભગવાન) જ આપણા વિશ્વના, સત્સંગના અને સમગ્ર બ્રહ્માંડોના કેન્દ્ર જ છે ને ! આ મંદિરની ફરતે એક પછી એક એકમો ઉભા કરેલાં. પ્રવેશદ્વાર આકર્ષક અને વિશાળ હતું. ડાબી બાજુ આરોગ્ય વિભાગ હતો. અહીં પાંચેય દિવસો દરમ્યાન વિવિધ ફ્રી નિદાન કેમ્પો યોજાતા.

ત્યાર પછી ''શ્રી સ્વામિનારાયણ મહામંત્ર લેખન ડોમ'' હતો. એની રચના ધ્યાનાકર્ષક હતી. અહીં શ્રીહરિનું સુંદર એકાક્ષી દિવ્ય સ્વરૂપ પ્રતિમારૂપે બિરાજમાન હતું. પૂ. નિર્ગુણ સ્વામીએ સ્વયં સત્સંગિજીવનનાં ૮૩૪૪ અનુષ્ટુપ સંસ્કૃત શ્લોકો ને સ્વહસ્તે લખીને આ સુંદર સ્વરૂપ ઉપસાવેલું છે. અત્યંત સુંદર પ્રતિમા છે. ડોમમાં આવીને હરિભક્તો લાલપેનથી શ્રી સ્વામિનારાયણ મંત્ર લેખન કરતાં. અહીં હરિભક્તો દ્વારા લિખિત ૬૧ કરોડ મંત્રોવાળી નોટબુકોને પ્રદર્શિત કરવામાં આવેલી.

મહામંત્ર ડોમની પાસે વિશાળ ''શ્રીહરિયાગ યજ્ઞશાળા'' હતી. ભવ્ય પેગોડાની યાદ અપાવે એવી અદ્‌ભુત એની રચના હતી. તે પછી ''મહાપૂજા મંડપ'' હતો. તેની બાજુમાં ''શ્રી સ્વામિનારાયણ ધૂન મંડપ'' હતો. પાંચેય દિવસો દરમ્યાન સવારના ૮ થી રાત્રિના ૮ - એમ ૧૨ કલાકની અખંડ ધૂન્ય ગામોગામના હરિભક્તો વારા ફરતી વહેતી રાખતા. આગંતૂક ભક્તો એમાં જોડાતા.

પછી પ્રદર્શન વિભાગ હતો. અહીં બે ઓડિયો વિઝ્યુઅલ શો તથા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમની પ્રતિકૃતિ રૂપ પ્રદર્શન પણ ગોઠવવામાં આવ્યું હતું. એક શોમાં શ્રી નરનારાયણદેવ મંદિર મહિમા તથા બીજા શોમાં શ્રી નરનારાયણદેવ દેશ ગાદીના આચાર્યશ્રીઓનાં કાર્ય કવન અને જીવનનું મહિમાગાન દર્શાવવામાં આવતું. બંને અત્યંત મનનીય અને માણવા લાયક હતા.

પછી વિશાળ સભામંડપ હતો. સિત્તેર હજાર બાઈ ભાઈ હરિભક્તો એક સાથે બેસીને કથા તથા કાર્યક્રમોને માણી શકે એવી સુંદર વ્યવસ્થા હતી. તે પછી ઈગ્લુ જેવાં આકારનાં નાનાં નાનાં ડોમ હતા જેમાં વિવિધ સમિતિઓ અને ઓફિસોની વ્યવસ્થા હતી.

ચારેય બાજુ ટીવીના વિશાળ સ્ક્રીન ગોઠવવામાં આવેલા. જેથી સભા મંડપમાં આયોજિત કથા તથા અન્ય કાર્યક્રમોનું લાઈવ ટેલીકાસ્ટ સતત રજુ થતું.



જેથી મહોત્સવમાં હરતાં ફરતાં એને માણી શકાતું. ઠેર ઠેર શુધ્ધ પેયજળની વ્યવસ્થા હતી. ચાલવાના રસ્તાઓ ઉપર લીલું કંતાન પાથરેલું હતું જેથી ધૂળ ઊડે નહિ. બાકીની ભૂમિ ઉપર-જ્યાં ઘાસ ઉગાડવામાં આવેલું તથા વિવિધ ફૂલ છોડ હતાં ત્યાં સતત પાણીનો છંટકાવ થતો રહેતો. મહોત્સવની પવિત્ર ભૂમિ ઉપરથી ઉઠતી માટીની મહેક આખાય મહોત્સવમાં પ્રસરતી રહેતી. એકબાજુ શીશીરઋતુનો શીતલ છતાંય ખુશનુમાં માહોલ હતો. તો બીજી બાજુ અનેક વિધ કાર્યક્રમોનું આયોજન. ઋતુ એવી સરસ હતી કે પ્રત્યેક દિવસે શ્રીહરિના મહાપ્રસાદનાં વિવિધ સોડમે યુક્ત ભોજન વ્યંજનો માણવાની સૌને ખૂબ મઝા આવી.

આ વખતના મહોત્સવનું આયોજન બીજી રીતે પણ અલગ અને જરા હટકે હતું. કેમ કે મહોત્સવના પ્રત્યેક દિવસને એક ''વિશેષ-દિવસ'' તરીકે નવાજવામાં આવેલો. ૨૪-૧૨-૨૦૧૪ બુધવાર આરોગ્ય દિવસ **Health Day** પોતાના શરીરની સાચવણી એજ સાચી ભક્તિ.

૨૫-૧૨-૨૦૧૪ ગુરુવાર પર્યાવરણ દિવસ **Environment Day** પર્યાવરણની જાળવણી એ જ સાચો ધર્મ

૨૬-૧૨-૨૦૧૪ શુક્રવાર મહિલા દિવસ **Womens' Day** ઘેર દીકરીનો જન્મ એ જ જન્માષ્ટમી

૨૭-૧૨-૨૦૧૪ શનિવાર પરિવાર દિવસ **Family Day** પરિવાર સાથે વિતાવેલો સમય એજ પ્રભુ પ્રાર્થના.

જાણે કે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિને સાંપ્રંત સ્વરૂપે દર્શાવવામાં આવ્યાં હતાં!

અને મહોત્સવના અંતિમ ચરણ એવો અંતિમ દિવસ રવિવાર ૨૮-૧૨-૨૦૧૪ એ દિવસ તો શ્રી નરનારાયણદેવ મય બની રહ્યો.

વહેલી સવારના પાંચ વાગ્યાથી જ શ્રી નરનારાયણદેવ મંદિરમાં હરિભક્તોનો મહેરામણ ઉમટી પડેલો. સવારના ૬-૩૦ વાગ્યે પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા અને સીધા જ શ્રી નરનારાયણદેવના ગર્ભગૃહમાં પધારી અભિષેકની શરૂઆત કરી. બહાર વિશાળ ટીવી સ્ક્રીન ઉપર લાઈવ દર્શન ચાલુ હતા. અને જેવો કળશ શ્રી નરનારાયણદેવના મુખારવિંદ ઉપર ઢોળવામાં આવ્યો કે ''શ્રી નરનારાયણદેવની જય''નો મહાઘોષ વ્યાપી ઉઠ્યો. ઝાલરો રણઝણી ઉઠી અને જેમ જેમ ષોડોપચાર વિધિથી અભિષેક થતો રહ્યો તેમ તેમ ભક્તજનોની ભાવૂક આંખોમાંથી પણ ભાવાશ્રુઓની ધારા રીતસર વહેતી રહી. ''વાહ મહારાજ ! વાહ'' એમ અભિવાદન કરતાં જાય અને એકીટશે અભિષેકના દર્શન કરતાં જાય.

સમગ્ર મંદિર પરિસર ભક્તિનાં ઘોડાપૂરથી ઉમટી રહ્યું.

આમ પાંચેય દિવસો દરમ્યાન ''મહોત્સવ'' આગવી પ્રતિભાથી ઝળહળી ઉઠ્યો. મોટેરાની તપોવન ભૂમિ શ્રી નરનારાયણદેવ મહોત્સવના આયોજનથી સાચા અર્થમાં તપોમય બની રહી. અરસપરસ ભક્તજનો મળે એટલે જય સ્વામિનારાયણનું અભિવાદન, સ્વયં સેવકો પણ ઉમળકાભેર બધાને જય સ્વામિનારાયણ કહીને આવકારતાં. અને સૌ કોઈને સુંદર માર્ગદર્શન પુરું પાડતાં. આ વખતે તો શ્રી નરનારાયણદેવ યુવક સત્સંગી બંધુઓનો ''ડ્રેસ કોડ'' પણ અલગ તરી આવતો હતો.

લાલ, પીળોને વાદળી મોર રંગ કહેવાય<br>
બાકીના બીજા બધા મેળવણીથી થાય.

આવા મોંઘેરા મોર (પીંછ) રંગની હાફ ટીશર્ટ અને બ્લેક પેન્ટ સત્સંગના આ બધા શૂરવીર, સન્નિષ્ઠ અને **devoted** સ્વયં સેવકો જ મહોત્સવના સાચા માણીગર હતાં.

શ્રી નરનારાયણદેવ મહોત્સવ એટલે જાણે બૃહદ સત્સંગ પરિવારનું સ્નેહ મિલન હતું. જાણે આત્મ સંશોધનનો આ ઉત્સવ હતો. શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં આશ્રિતો માત્ર હાથની તાળી વગાડીને ધૂન એકલી જ કરી જાણતાં નથી પરંતુ સાથે સાથે અર્વાચીન યુગની અપેક્ષાઓ અને આકાંક્ષાઓને પણ ઓળખે છે. પર્યાવરણની જાળવણી, બેટી બચાવો અભિયાન,

આરોગ્યની ઉપાસના - આ સર્વે પરિબળોને સમજે છે અને સમગ્ર સમાજને ઉપયોગી એવાં. આયોજનો કરી શકે છે. કરે છે અને કરતાં રહે છે. આપણો આ શ્રી નરનારાયણદેવ મહોત્સવ આ અર્થમાં સાચે જ સાર્થક બનીને દીપી ઉઠ્યો.

**શ્રી નરનારાયણદેવ મહોત્સવની ફળશ્રુતિ**

આપણા આ ભવ્ય શ્રી નરનારાયણદેવ મહોત્સવની ફળશ્રુતિ શું ? તો 'કારણ' છે તે અતિ સુક્ષ્મ હોય તેમ છતા મોટાં કાર્ય કરવાને સમર્થ છે અને એજ 'કારણ'ની મોટાઈ અને વિશેષતા છે. ઈષ્ટદેવ શ્રીહરિ સર્વે કારણના પણ કારણ છે. એટલે એમને અર્થે યોજાતું કાર્ય અનુપમ જ હોય ને ?

શ્રીપુર કહેતાં અમદાવાદ શહેરનાં તો મોટાં ભાગ્ય છે જ કે જ્યાં શ્રી બદરીપતિ અને ભરતખંડના રાજાધિરાજ એવા શ્રી નરનારાયણદેવ સ્વયં ચાલીને આવ્યાં છે. વસ્યા છે અને અદ્યપિ અખંડ બિરાજી રહ્યા છે. પરંતુ મહોત્સવનું જ્યાં આયોજન થયું એ ભૂમિનાં પણ મોટાં ભાગ્ય કહેવાય કે જ્યાં શ્રીહરિ કહેતા શ્રી નરનારાયણદેવે સ્વયં મહોત્સવમાં પધારી સૌને પાવન અને આનંદિત કર્યા.

માત્ર મેદાન જ હતું. અને મહોત્સવ કરવાનો છે એટલે **landskaping** તથા ગાર્ડનીંગ સર્વ પ્રથમ કરવામાં આવેલું. ગાર્ડનીંગના કોન્ટ્રાકટરશ્રી પણ આશ્ચર્યચકિત થઈ ગયાં કે આટલા ઓછાં સમયમાં આ સમગ્ર ભૂમિ ઉપર લીલુંછમ્મ ઘાસ તેમ જ આવા સુંદર ફૂલ છોડ કેવી રીતે પાંગરી શકે ? એમનાં જ શબ્દો છે કે "સાચે જ શ્રી નરનારાયણદેવની કૃપા વિના આવી અને આટલી સુંદર હરિયાળી ના જ પાંગરી શકે ! શ્રી નરનારાયણદેવનું આ મહિમાગાન એ જ મહોત્સવની ફળશ્રુતિ. આપણું જીવન આપણો સત્સંગ આવો લીલોછમ્મ કોણ રાખે છે ? માત્ર ને માત્ર આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન, શ્રી નરનારાયણદેવ જ. અન્યથા કોઈ નહીં !

અહીં આવનાર પ્રત્યેક ભક્તજન કે પછી પ્રત્યેક મુલાકાતી મુમુક્ષુજન સર્વે ને આ મહોત્સવ ખૂબ ખૂબ ભાવ્યો. અને કેમ ન ભાવે ? ધણી પોતે પધાર્યા હતા ! શ્રી નરનારાયણદેવ સ્વરૂપે - શ્રી આચાર્ય મહારાજશ્રી સ્વરૂપે અને સંત સ્વરૂપે અને હા ભક્તજન સ્વરૂપે તો ખરા જ. સન્નિષ્ઠ યુવક મંડળના સ્વયંસેવકો સ્વયં આયોજનની શોભા હતાં.

ગઢપુરમાં શ્રી ગોપીનાથજીના મંદિરમાં પહેલીવાર આવેલા પેલા ભરવાડને શ્રી ગોપીનાથજીની મૂર્તિ તો અંતરમાં વસી ગઈ પરંતુ મંદિરનાં ભવ્ય દરવાજા એને ખૂબ ગમી ગયાં. પછી તો જેને જેને મળે એને એમ જ કહે કે શ્રીગોપીનાથજીનું મંદિર જોયું ? એનાં દરવાજા કેટલાં સરસ છે ? "જરૂર થી જજો" આવી રીતે જીવન પર્યંત શ્રી ગોપીનાથજીનો મહિમા "દરવાજાની ભવ્યતા" દ્વારા એ કહેતો રહ્યો, અને જ્યારે અંતવેળા આવી ત્યારે શ્રીજી મહારાજ સંતો સહિત એને અક્ષરધામમાં તેડવા માટે આવ્યા. "ચાલો ભક્તરાજ ! તમે અમારા મંદિરનો ખૂબ મહિમા ગાયો છે !"

આપણા મહોત્સવોનો હેતુ જ આ છે. એમાં નું કાંઈપણ જો અંતરમાં વસી ગયું અને અંત સમયે એ દશ્ય, એ સંત, એ ભક્ત કે એ મંડપ જો યાદ આવી જાય તો જીવ મોટી પદવીને પામે.

અંતમાં મહોત્સવના આયોજન અને એનાં સાફલ્યમાં તન, મન, ધનથી મદદરૂપ થનાર સર્વેને જયશ્રી સ્વામિનારાયણ.




પ.ભ. ગંગારામભાઈ મહાદેવભાઈ પટેલ
સહ પરિવાર (મેમનગર)


પ.ભ. રતિભાઈ ખીમજીભાઈ પટેલ
(ટ્રસ્ટીશ્રી) - અમદાવાદ


પ.ભ. સંજયભાઈ તથા જયેશભાઈ


પ.ભ. જયદેવભાઈ તથા મનોજભાઈ
બ્રહ્મભટ્ટ સહ પરિવાર


પ.ભ. લાલજીભાઈ વેકરીયા















પ.ભ. માધવજીભાઈ શામજી ભૂડીયા
તથા સહ પરિવાર - હાલ યુ.કે.



પ.ભ. માવજીભાઈ કરશનભાઈ રાજાણી
તથા સહ પરિવાર - હાલ સીડની



પ.ભ. શરદભાઈ ગોવિંદભાઈ પટેલ
તથા સહ પરિવાર (મેડા-અમદાવાદ)



# स्वयंसेवक





મહોત્સવમાં સ્વયંસેવકોને ભેટમાં આપેલ પ્રસાદીની મૂર્તિ



# શ્રી નરનારાયણદેવ મહોત્સવ

## એક વિશિષ્ટ ઉત્સવ

ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્થાપેલા આ વિશિષ્ટ અને સર્વોપરી સંપ્રદાયની અનેક વિશિષ્ટતાઓમાંથી એક વિશિષ્ટતા એટલે ઉત્સવોની પરંપરા. અને એ જ પરંપરા દ્વારા અનેક જીવોના કલ્યાણ અર્થે અમદાવાદ શ્રી નરનારાયણદેવ ગાદીની છત્રછાયામાં અનેક મહા મહોત્સવો કાળક્રમે ઉજવાતા જ રહ્યા છે.

સ.ગુ. આનંદાનંદ સ્વામીએ આજથી ૧૯૨ વર્ષ પહેલા બાંધેલા વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર - કાલુપુર (અમદાવાદ)ના જીર્ણોદ્ધારિત મંદિર તથા નૂતન સુવર્ણ સિંહાસનના ઉદ્‌ઘાટનના ઉપલક્ષમાં તાં. ૨૪-૧૨-૨૦૧૪ થી તા. ૨૮-૧૨-૨૦૧૪ પર્યંત ભવ્યાતિ ભવ્ય ''શ્રી નરનારાયણદેવ મહોત્સવ''ની ઉજવણી ખૂબ ધામધૂમથી કરવામાં આવી. આ ઉત્સવ અનેક રીતે વિશિષ્ટ બની રહ્યો. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની દીર્ધદ્રષ્ટિથી જ આ ઉત્સવને ''ધર્મ દ્વારા સમાજ જાગૃતિના પ્રયાસ'' ના રૂપમાં ઉજવવામાં આવ્યો ને સમાજના મુખ્ય ૪ વિષયોને મહત્વ આપી ૪ દિવસને અનુક્રમે 'આરોગ્યદિન', 'પર્યાવરણ દિન', 'મહિલા દિન' અને 'પરિવાર દિન' ના રૂપમાં ઉજવવામાં આવ્યા. ને જે તે વિષયના નિષ્ણાતો દ્વારા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની ઉપસ્થિતિમાં સમગ્ર સંતો-ભક્તોને માહિતી-જ્ઞાન પીરસવામાં આવ્યું.

આરોગ્ય દિનમાં ગુજરાતના ગણમાન્ય ડોકટરશ્રીઓની સાથોસાથ UNICEF અને WHO

- ડી. એસ. પટેલ (જાયન્ટસ ગ્રૃપ ઈન્ટ. ફેડ ૩બી)

ના ગુજરાત ખાતેના માનનીય પ્રતિનિધિશ્રીઓએ ઉપસ્થિત રહી સમગ્ર સભાને એક સ્વાસ્થયપ્રદ જીવનશૈલી જીવવા અંગે સુંદર માર્ગદર્શન પુરુ પાડ્યું. રોગ થયા પછી એના ઉપચાર માટેના અનેક રસ્તાઓ છે પણ આપણા શાસ્ત્રો અને શિક્ષાપત્રી પ્રમાણે જો આપણો આહાર-વિહાર થાય તો રોગ ન થાય. આવા અદ્‌ભુત સંદેશ સાથે પૂ. આચાર્ય મહારાજશ્રીએ આ દિનને સમાપન કર્યો.

પર્યાવરણદિનમાં ભારતના પ્રખ્યાત પર્યાવરણવિદ 'પદ્મશ્રી કાર્તિકેય સારાભાઈ'એ ઉપસ્થિત રહી સર્વેને પર્યાવરણની રક્ષા દ્વારા જ જીવનની રક્ષા શક્ય છે. એવો સુંદર સંદેશ આપ્યો ને સાથો સાથ આપણા મંદિર દ્વારા થતા અને ભૂતકાળમાં થયેલા પર્યાવરણની રક્ષાના કાર્યોની ખૂબ ખૂબ પ્રશંસા કરી.

'મહિલાદિન'માં ગુજરાત રાજ્યના માનનીય



મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલની પાવન ઉપસ્થિતિમાં પૂ. ગાદીવાળાબાશ્રીની નિશ્રામાં સર્વે બહેનોએ સાથે મળી સ્ત્રી કેળવણી, સ્ત્રી સશક્તિકરણ અને સ્ત્રી સન્માન દ્વારા જ ભારતનું ઉજ્જવળ ભવિષ્ય શક્ય છે. એવો સુંદર સંદેશ આપ્યો. સાથો સાથ આપણા મંદિર દ્વારા કન્યા કેળવણી માટે મુખ્યમંત્રીને રૂા. ૧૧,૦૦,૦૦૦/-નું અનુદાન પણ પૂ. શ્રીરાજાના હસ્તે આપવામાં આવ્યું.

'પરિવાર દિન'માં આજના બદલાતા વિપરીત યુગમાં એક પરિવારનું માનવના જીવન-ઘડતર અને જીવન-સંચાલનમાં શું યોગદાન છે એની સુંદર વાત માનનીય શ્રી સુરેશભાઈ ગાંધી દ્વારા કરવામાં આવી. માનવીના જીવનમાં સુખ કે દુઃખ ચડતી કે પડતીની ક્ષણોમાં પરિવાર જ સાચો આધાર છે અને એક પરિવારમાં સહુ સમજીને સાથે રહે એ જ આપણી સંસ્કૃતિ છે. એવા સુંદર સંદેશ સાથે પરિવાર દિનને પૂર્ણ કરવામાં આવ્યો.

આ ચારેય મુદ્દાઓને સમાવિષ્ટ કરતાં સુંદર પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવ્યું. આમ આ ઉત્સવ માત્ર ધાર્મિક પરંપરા પૂરતો જ સિમિત ન રહેતા એક વિશિષ્ટ ઉત્સવ બની રહ્યો.

શ્રી નરનારાયણદેવ મહોત્સવ મેડીકલ કેમ્પ : શ્રી નરનારાયણદેવ મહોત્સવમાં આરોગ્યના ભાગ રૂપે એક સુંદર મેડીકલ કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બ્લડ ડોનેશન આઈ ચેક અપ ડેન્ટલ ચેક અપ, ઓપીડી તથા ડાયાબીટીસ ચેક અપ જેવા વિવિધ કેમ્પોનું આયોજન થયું હતું.

જેમાં બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન સિવિલ હોસ્પિટલ તથા રેડક્રોસના સહયોગથી થયેલું. જેની શરૂઆત પૂજ્ય આચાર્ય મહારાજશ્રીએ બ્લડ ડોનેટ કરી શુભ આશીર્વાદ સાથે કરાવેલી. જેમાં પૂજ્ય લાલજી મહારાજશ્રી તથા ૨૫ જેટલા સંતોએ પણ બ્લડ ડોનેટ કરી અન્યોને પ્રેરણા આપેલી જેના ફળ સ્વરૂપે ૧૧૧૧ જેટલા બ્લડ યુનિટ એકત્ર થઈ શકેલ. તમામ રક્તદાતાઓને સુંદર ગીફટ આપવામાં આવેલી.

આઈ ચેક અપ કેમ્પનું આયોજન નગરી હોસ્પિટલ તથા તેજ હોસ્પિટલના સહયોગથી થયેલું. જેમાં ૭૦૦૦ જેટલી વ્યક્તિઓની આંખોની તપાસ થયેલી તથા ૩૫૦૦ જેટલી જરૂરિયાતમંદ વ્યક્તિઓને ખૂબજ રાહત દરે ચશ્માનું વિતરણ થયેલું.

ડેન્ટલ ચેક અપ કેમ્પનું આયોજન કર્ણાવતી ડેન્ટલ કોલેજના સહયોગથી થયેલ. જેમાં ૩૫૦૦ જેટલી વ્યક્તિઓના દાંતની તપાસ થયેલી અને જરૂરી માર્ગદર્શન તથા દવાઓ વિના મૂલ્યે પુરી પાડવામાં આવેલ.

ઓપીડીમાં ૧૮૦૦ જેટલી વ્યક્તિઓને તપાસીને જરૂરી દવાઓ વિનામૂલ્યે આપવામાં આવેલી. તથા ડાયાબીટીસ ચેક અપ કેમ્પમાં ૩૫૦૦ જેટલી વ્યક્તિઓને સ્થળ પર જ તપાસી જરૂરી માર્ગદર્શન પુરુ પાડવામાં આવેલ.

કાનની બહેરાશવાળી જરૂરિયાતમંદ વ્યક્તિઓને રાહત દરથી હિયરીંગ મશીન પુરા પાડવામાં આવેલા. મહોત્સવ દરમ્યાન પાંચેય દિવસ જાયન્ટસ ગૃપના મિત્રો તથા શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સ્વયં સેવકોએ સતત હાજર રહી શિસ્તબધ્ધ રીતે તમામ કેમ્પ સફળ બનાવેલ.

પૂજ્ય મોટા મહારાજશ્રીએ તમામ મેડીકલ કેમ્પની મુલાકાત લઈ હાજર ડોકટર મિત્રો, જાયન્ટ મિત્રો તથા સ્વયં સેવકોને આશીર્વાદ તથા પ્રેરણા આપેલ.

આ સમગ્ર મેડીકલ કેમ્પમાં જાયન્ટસ ગૃપના સર્વે આદરણીય સભ્યોએ તન, મન, ધનનો સુંદર સહકાર પુરો પાડી આ કેમ્પને સફળ બનાવવામાં સુંદર યોગદાન આપ્યું હતું.

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી

## ભારતના વડાપ્રધાન અને ગુજરાતના તત્કાલીન મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીનું શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ઉદ્‌ઘાટન પ્રસંગે ઉદ્‌બોધન .

પૂ. મોટા મહારાજશ્રી, પૂ. મહારાજશ્રી, પૂ.સંતગણ સૌ હરિભક્તો માતા અને બહેનો, ગુજરાત વિધાનસભાનું સત્ર ચાલુ છે, વિધાન સભા છોડીને આ સભામાં આવ્યો છું. આપે જે જવાબદારી સોંપી છે, એટલે પાછાં પણ તરત જ જવું પડશે. નહિ તો એમ થાય કે રહી જઈએ અહીંયા, લ્હાવો લઈએ બરાબર, મારે પૂ. મોટા મહારાજશ્રી અને પૂ. મહારાજશ્રી અને મ્યુઝિયમના આયોજનમાં જે કોઈ યોગદાન આપી રહ્યાં છે એ સૌને હું અભિનંદન આપવા માટે આવ્યો છું.

સાદુ સીધુ કારણ હું મુખ્યમંત્રી તરીકે એની વાત પહેલા કરું બીજો ભાગ પછી કહીશ સાદુ સીધુ કારણ આ મુખ્યમંત્રી તરીકે આપણે ગુજરાતમાં પ્રવાસન ઉદ્યોગ વિકસાવવા માટે યોજના બધ્ધ રીતે પ્રયાસ કરી રહ્યા છીએ.

ગુજરાતે ઘણા બધા ક્ષેત્રોમાં વિકાસ કર્યો છે. પ્રવાસન ક્ષેત્ર એવું છે કે જેનો વિકાસ હજુ ઘણો થઈ શકે તેમ છે. આપણે ગુજરાતીઓ સારામાં સારા ટુરીસ્ટ છીએ. ક્યાંય પણ જાવ તમને ગુજરાતી ભટકાય જ, થેપલા કાઢીને બેઠો જ હોય, પરંતુ ગુજરાતમાં ટુરીઝમ વધે એના માટે ભૂતકાળમાં આયોજન બધ્ધ પ્રયાસ ન થયાં, આપણી પાસે એટલી બધી સંપદા છે. સમગ્ર દુનિયાને બતાવી શકીએ એવી આખી દુનિયાને ગુજરાત આવવાનું ઘેલું લગાડી શકીએ એટલું બધું આપણી પાસે છે એની આપણે સતત મથામણ કરી રહ્યાં છીએ. હમણાં રણોત્સવ કર્યો. અહિંયા કચ્છના મિત્રો ઘણા હશે. કચ્છનાં લોકોને ખબર નહોતી કે દુનિયાને ઘેલું લગાડે એવું સફેદ રણ એમની પાસે છે. પરંતુ આપણે સફેદ રણનો દુનિયાને પરિચય કરાવવા માંડ્યો અને આ વખતે પહેલા રણોત્સવ ત્રણ દિવસનો કરતાં હતા હવે ત્રીસ દિવસનો કરવો પડ્યો. પહેલા પાંચસોથી સાતસો લોકો આવતાં હતા આ વખતે લગભગ એક લાખ કરતાંય વધારે આંકડો વટાવી દીધો અને એના કારણે કચ્છની ઈકોનોમીમાં એક જબરજસ્ત તેજી આવી - આવું તો ગુજરાતમાં શું નથી. બધું જ છે. ગીરના સિંહ હોય કે સોમનાથ હોય કે દ્વારકા હોય, પોરબંદર હોય અને પૂ. સહજાનંદ સ્વામી મહારાજના ચરણ પડ્યા હોય. આ જે પ્રયત્ન ચાલી રહ્યા છે એમાં આ મ્યુઝિયમ એક નઝરાણું બનીને આવ્યું છે. જે કોઈ ટુરીસ્ટ ગુજરાત આવશે એ જરૂર આ મ્યુઝિયમ જોશે અને આને કારણે ગુજરાતના પ્રવાસન ઉદ્યોગમાં પ્રવાસી તરીકે આવનાર વ્યક્તિઓ માટે જીજ્ઞાસા ભાવથી કોતુહલ તરીકે ઉત્કંઠા તરીકે, સ્વાભાવિક રીતે ત્યાં જવાનું થશે. શ્રધ્ધાવાન તો જશે જ, જેમના હૃદયમાં ભગવાન સ્વામિનારાયણ માટેની જે આસ્થા પણ છે. પણ એ સિવાયના જશે.

તો ગુજરાતના ઉદ્યોગને વેગ મળે એવું ઉત્તમ કામ એટલે આ મ્યુઝિયમ.

આતો વાત થઈ મારા સરકારી મુખ્યમંત્રીવાળી, એમાં મારા મગજમાં દોડ્યા કરે ગુજરાતનો વિકાસ કેમ થાય, ટુરિઝમ કેમ વિકસે, પણ બીજે જે ભાગ છે જે મને સ્પર્શી ગયો એક એક આ દેશનાં સંસ્કૃતિના પૂજારી તરીકે મને સ્પર્શી ગયો. સામાન્ય રીતે ઈતિહાસ લખાય તો કોના લખાય રાજા-મહારાજાઓના લખાય. સામાન્ય રીતે મ્યુઝિયમ ક્યાં બન્યા એવા તો કોના બન્યા હોય, રાજ પરિવારોના બન્યા હોય, સંતનુ મ્યુઝિયમ હોય, આધ્યાત્મિક પુરૂષનું મ્યુઝિયમ હોય એવું જવલ્લેજ જોવા મળે અને એ કામ ગુજરાતની ધરતી પર થયું છે અને અંદર તમે જુઓને તો રાજા મહારાજાઓની કોઈ કથા નથી એમાં સામાન્ય માણસોની કથા છે કે ફલાણા ગામમાં ગયા હતાં કોઈના ત્યાં જમવા બેઠાં તાં ને શું થયું. ક્યાંક યજ્ઞ કરતા ને યજ્ઞની અંદર શું



થયું. એ પ્રસંગોને એ વખતના સાધનો ને એકત્ર કરીને એવું સરસ મજાની માળા ગુંથવામાં આવી છે. તમે એક એક ખંડમાં જાવ એક માળાનો મણકો ફેરવતા હોય એવું લાગે, આખી રચના અને બીજી વિશેષતા છે એમાં આધુનિકતા પણ છે અને એમાં પરંપરા પણ છે. આજના યુગમાં સામાન્ય માનવીની જરૂરીયાત છે એવું અત્યંત પ્રભાવિત ભવન બનાવ્યું છે. ખૂબ સરસ રચના કરી છે. મોકળાશ છે. ખાસી મોકળાશ છે. અંદર જાવને મન મોકળું થવા માંડે. ઘેરથી ગાંઠ બાંધીને આવ્યા હોય ને તરતજ ખુલી જાય એવી સરસ રચના કરી છે અને જ્યારે શ્રધ્ધા અને આસ્થા સાથે સ્વામિનારાયણ ભગવાન ક્યા સાધનો વાપરતાં હતા કેવું જીવન જીવતાં હતા, એમના સાથીદારો કેવી રીતે રહેતાં હતા આ બધી ચીજો પ્રત્યક્ષ જોવા મળે છે. તો આપણે એ યુગમાં જાણે પાછા જતા હોય એવું લાગે. પરંપરા અને આધુનિકતા બન્નેનું અદભુત મિલન આ સમગ્ર નવરચનામાં કર્યું છે. એને એ અર્થમાં પણ ગુજરાતની અંદર જ્યારે પણ યાત્રીઓ આવશે એમના માટે આ સંશોધનનો વિષય બનશે. અભ્યાસનો વિષય બનશે, શાળાના બાળકોને બસો અઢીસો વર્ષ પહેલાનું જીવન કેવું હતું, એ જોવા માટે શાળાના બાળકોને શાળાઓ પણ યાત્રાએ લઈ જશે. ત્યાં જોશે કે સરસ મજાની સેવા એના માધ્યમથી થવાની છે. એટલે બાળકોને પણ ઉમંગ અને ઉત્સાહથી એક નવી પેઢીને સંસ્કારી કરવાનું કામ અને જ્ઞાન સાથે ગમ્મત મ્યુઝિયમમાં જોતા જાયને શીખતા જાય અને એની છાપ એને પાડવાની છે. અમી છાપ પડવાની સાથે સાથે પૂ.મહારાજશ્રીએ એક બાબતની ખૂબ કાળજી લીધી છે અને જેનાથી દુનિયા આખીને એક સંદેશ મળે એવું કામ કર્યું છે. અને સમગ્ર ભવન ઈકોફ્રેન્ડલી બનાવવા માટેનો ભરપુર પ્રયાસ કર્યો છે. ગ્લોબલ વોર્મિંગ, ક્લાયમેટ ચેન્જ, આખી દુનિયા થર થર કંપે છે કે શું થશે ભાઈ આમા નાની સાદી સીધી વાત છે. આપણે જે કાંઈ હવા પાણી ખોરાક મેળવીએ છીએ, આ નદીઓ જે કાંઈ બચી છે. આ હવા બગડતી જે કાંઈ બચી છે એ આપણા પૂર્વજોના પ્રયત્નોના પરિણામે છે. આપણા પૂર્વજો આપણા માટે મુક્તા ગયા એટલે આપણે વાપરીએ છીએ. આપણા પૂર્વજો ન મુકતા ગયા હોત તો આપણું શું થયું હોત. હવે આપણે આવનારી પેઢી માટે આપણે કંઈ મુકતા જવું છે કે નથી કે બધુ આપણે જ ઘસી પીટીને વાપરી નાંખવું છે. જો આપણા પૂર્વજો માટે આપણે આપણી ભાવિ પેઢી માટે મુકતા જવું હોય તો આપણે કુદરતી સંસાધનોનો સંયમિત ઉપયોગ કરવો જ પડે અને સંતો અને શાસ્ત્રો આપણને જ શીખવાડે છે કે સંયમીત ઉપયોગ કરો. દેખાડા ના કરો - બગાડ ના કરો - કુદરતી સંસાધનોનો વિનાશ ના કરો અને એનો શબક આપવાનું કામ આ મ્યુઝિયમમાં થયું છે. સોલાર એનર્જી, એનો ભરપુર ઉપયોગ કરવામાં આવ્યો છે. તો એક પ્રકારે ઈકોફ્રેન્ડલી કદાચ આ પહેલું મ્યુઝિયમ હશે. આ ઉત્તમ નજરાણું બનાવવા માટે હું વંદન કરું છું, અભિનંદન કરું છું અને સૌને પ્રાર્થના કરું છું કે સમય કાઢીને મ્યુઝિયમમાં જજો. આમ હડબડ હડબડ નહીં, નહીં તો ઘણીવારતો માતાને આપણે ટાઈમ જ ન હોય પગે લાગવાનો આમ માથું ટેકવીને આમ હાલ્યા નથી. જરા મોકળા મને જજો.

સાક્ષાત્કાર કરીએ અને એમાંય ઉપર જે મૌન મંદિર બનાવ્યું છે તેમને વાઈબ્રેશન ફીલ થાય જેમાં પાંચ જ ચીજો મુકેલી છે. આમ અંદર પ્રવેશની રચના જ જેને પણ કામ કર્યું છે તે મારા મનને અસર કરી છે. તમને વાઈબ્રેશન ફીલ થાય અને મને લાગે છે એ મ્યુઝિયમ નથી એ કાંઈક જુદું જ છે. એ મેં ત્યાં કહ્યું કે આતો મૌન મંદિર છે તમને અનુભવ થાય. આમ મૌન મંદિર અંદર ચાલો ખાસું ચાલવું પડે છે. અંદર જતાં પગથીયા ચડીને ઉપર જાવ કે જુદાજ પ્રકારની માનસિક શાંતિ અનુભવાય છે. સામાન્ય રીતે આપણી સામે બનેલું ભવન હોય અને એમાં શાંતિનો અહેસાસ થાય એવું ઓછું બને. કોઈકે અહિંયા આ બસો વર્ષ જુનું મંદિર છે તો બેસો તો આમ થાય એ વાત જુદી છે પણ આમ આજે જ બન્યું હોય ને આજે જ ફીલ થાય એવું બહું ઓછું હોય.

અહીંયા થાય છે તેમ પણ જ્યારે મૌન મંદિરમાં જશો તમને પણ થશે. તો ખરેખર આ ઉત્તમ નજરાણાં માટે પૂ. મોટા મહારાજશ્રી અને પૂ.મહારાજશ્રી તથા સૌ સંતોને ખૂબ ખૂબ વંદન કરી મારી વાતને વિરમું છું.

- શ્રી નરેન્દ્રભાઈ મોદી



## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - જાન્યુઆરી-૨૦૧૫

| | | | |
|---|---|---|---|
| ૫૧,૦૦૦/- | શ્રી સ્વામિનારાયણ મંદિર - ટીંબા મૂર્તિ પ્રતિષ્ઠા નિમિત્તે હ. દેવ સ્વામી | ૧૧૦૦૦/- | ધીરજભાઈ કે. પટેલ - અમદાવાદ |
| ૩૧,૦૦૦/- | પટેલ અમૃતલાલ હીરાલાલ, અમેરિકા, પટેલ રઈબેન તથા સવિતાબેન (જતનબા પરિવાર) હ. ભૂમિબેન બી. પટેલ - અમેરિકા | ૫,૦૦૧/- | પટેલ હેમલબેન પ્રાણજીવનભાઈ આદ્રોજા - મોરબી |
| ૧૫,૦૦૦/- | શ્રીમતિ ક્ષમાબેન વી. પંડયા શ્રી વિભાકરભાઈ પંડયા - અમદાવાદ (ભાલજા મંડળ) | ૫,૦૦૦/- | અસિતકુમાર વિષ્ણુભાઈ ડાંગરવાવાળા - શિકાગો |
| | | ૫,૦૦૦/- | ભરતભાઈ અમીન ચલોડાવાળા - યુ.એસ.એ. |
| | | ૫,૦૦૦/- | પ.ભ. રમેશભાઈ અંબાલાલ પટેલ |
| | | ૫,૦૦૦/- | પ.ભ. પ્રેમચંદભાઈ પાટડીયા - હૈદ્રાબાદ |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - જાન્યુઆરી-૨૦૧૫

| | |
|---|---|
| ૦૧-૦૧-૧૫ | બીજલબેન પંકજભાઈ પટેલ - યુ.એસ.એ. |
| ૦૨-૦૧-૧૫ | ભાવિન મનજી હીરાણી (નારાયણપર - કચ્છ) હ્યુસ્ટન |
| ૦૪-૦૧-૧૫ | છાયાબેન પંકજભાઈ પટેલ હ. પ્રહલાદભાઈ - ન્યુજર્સી |
| ૧૦-૦૧-૧૫ | નરનારાયણદેવ યુવક મંડળ - વિલ્સડન - દક્ષિણ ભારતની સફળ યાત્રા નિમિત્તે |
| ૧૧-૦૧-૧૫ | દશરથભાઈ પૂનમભાઈ પટેલ - અસલાલી |
| ૧૭-૦૧-૧૫ | પ્રિતી પ્રહલાદભાઈ પટેલ હ. પ્રહલાદભાઈ - ન્યુજર્સી |
| ૧૮-૦૧-૧૫ | જયંતિલાલ ગીરધરલાલ મિસ્ત્રી - નવા વાડજ |
| ૨૨-૦૧-૧૫ | જયંતિભાઈ શંકરભાઈ પટેલ - વડુવાળા - યુ.એસ.એ. |
| ૩૧-૦૧-૧૫ | ચેતનાબેન દલસુખભાઈ દેવાણી ના જન્મદિન નિમિત્તે હ. ડો. દલસુખભાઈ વલ્લભભાઈ - બોડકદેવ |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે શ્રી નરનારાયણદેવના ચાંદીના ૧૦ ગ્રામ, ૨૦ ગ્રામ, ૫૦ ગ્રામ અને ૧૦૦ ગ્રામના સિક્કા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં ઉપલબ્ધ છે.**

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન** (ફક્ત વોડાફોન ધારકો માટે)
પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.
મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલ:- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.org/com • email: swaminarayanmuseum@gmail.com




























# ભક્તિસુધા



**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી)**
**"હંમેશાં શાસ્ત્ર પ્રમાણે જ જીવન જીવવાનું"**
(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

જેમ અમૃત આપણને અમર બનાવે છે તેમ શાસ્ત્રો આપણને અભય બનાવે છે અને શાસ્ત્રો આપણને જે અભયતા પ્રદાન કરે છે. તે અભયતા વધારે મહત્વની છે. માટે હંમેશા શાસ્ત્ર પ્રમાણે જ જીવન જીવવાનું, અને ધર્મને ક્યારેય નહિ છોડવાનો. કેમ કે ધર્મને રાખતા જે કઠિનાઈ આવે છે અને આપણે જેને દુઃખ કહીએ છીએ તે ક્ષણિક છે. અને અધર્મ કરતા જે સુખ આવે છે તે પણ ક્ષણિક છે. પરંતુ અધર્મનું આચરણ કરતા પાછળથી જે દુઃખ આવે છે ને તે આપણને ખૂબ દુઃખી કરે છે. અને ધર્મને રાખતા જે દુઃખ આવે છે તે થોડીવાર માટે જ હોય છે. પછી ભવિષ્યમાં આપણને તે સુખી જ કરે છે. પરંતુ ધર્મને જીવનમાં ઉતારવા માટે ધીરજ જોઈએ. કાયર થઈને છોડી નહિ દેવાનું. ધીમે ધીમે બધું જ થાય છે. જીવનમાં ધર્મ રહે એના માટે સમય જોઈએ. જેમ આપણે ખેતરમાં વૃક્ષ વાવીએ તો ફળની પ્રાપ્તિ માટે રાહ જોવી પડે. સિજન આવે ત્યારે ફળ મળે, ત્યાં સુધી જરૂર શું હોય છે ? તો ધ્યાન રાખવાની જરૂર હોય છે. પાણી વધારે રેડવામાં આવે તો સડી જાય, વધારે તડકામાં રહે તો સૂકાઈ જાય, બધું ધ્યાન રાખવું પડે. તેમ ભજન-ભક્તિમાં બધું ધ્યાન રાખવું પડે છે. જપ, તપ, ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય બધું જ જોઈએ. જ્યારે જે વસ્તુની જરૂર હોય તે આપતા રહેવાનું. જેમ શરીરને સ્વસ્થ રાખવા બધી જરૂરિયાત હોય છે તેમ આત્માને પણ ખોરાકની જરૂર છે. તો આપણે નક્કી કરવાનું કે આપણે સત્વપ્રધાન બનવું છે. તો સત્વપ્રધાન બનવા માટે સારા સંકલ્પોને ઉત્પન્ન કરવા માટે આપણે ખૂબ પ્રયત્નો કરવા પડે છે. મનને ખૂબ સ્થિર રાખવું પડે છે. આ જગતમાં સુખ છે જ નહિ. આપણને ખબર છે. આપણે હજાર વખત સાંભળ્યું છે. પાણી ગમે તેટલું સરસ હોય એકદમ સફેદ અને મીઠું હોય તેને આપણે હજાર વખત વલોવીએ તો પણ માખણ નીકળે નહીં. કેમ કે "તેમાં માખણ છે જ નહિ તો ક્યાંથી મળશે ? દૂધમાં માખણ છે તેની આપણને ખબર છે. તો જેમ પાણીમાં માખણ નથી તેમ જગતમાં પણ સુખ નથી, છતાં પણ આપણે જગતના રસ્તે જ ચાલીએ છીએ કારણ ? આપણું મન મક્કમ નથી. અને આ જે બધા શાસ્ત્રોનો જે નિચોડ છે. શાસ્ત્રોનો જે સાર છે તેને એક કરતા વધારે વખત કહેવામાં આવે છે. દા.ત. આ જગત નાશવંત છે. જગતમાં સાચો આનંદ નથી તેનું કારણ શું છે ? તો તે આપણને પાકું કરાવવા માટે વધારે વખત કહેવામાં આવે છે. ભગવાનને ખબર છે કે માણસનું મન ખૂબ માયિક છે. એટલે વારંવાર કહેવામાં આવશે તો જ ક્યારેક અસર થશે.

એક ઘરમાં બે ભાઈઓ હોય. તેમાં મોટા ભાઈને ધર્મ, નિયમ, સત્સંગ આ બધું ગમે છે. પણ નાના ભાઈને આ બધું ઢોંગ લાગતું હોય છે. એકવાર તેઓ મોટા ભાઈને ઘેર મહાત્મા રોજ સાંજે કથા વાર્તા કરે. મહાત્મા ઉપદેશ આપે,

પ્રવચનો આપે આ બધું ચાલે પણ નાનો ભાઈ કથા સાંભળવા આવે નહી. પરંતુ રૂમની બહાર આંટા માટે અને બોલે બધા ઢોંગ ચાલે છે. આવું કાંઈ ન હોય. પરંતુ થોડું થોડું સંભળાયું એટલે પછી બીજે દિવસે થોડો રસ જાગ્યો, ત્રીજા દિવસે થોડી ઉત્સુકતા જાગી, અને ચોથા દિવસે વધારે રસ જાગ્યો. અને પછી પાંચમાં દિવસે રૂમમાં અંદર ગયા તો મહાત્મા ઉભા થઈ ગયા, અને સામેથી નાના ભાઈને પગે લાગ્યા. તો પેલા ભાઈએ કીધું કે આપ મને શા માટે પગે લાગો છો ? તો મહાત્માએ કીધું કે મેં તો માત્ર સંસારનો ત્યાગ કર્યો છે. અને સંસારનો ત્યાગ તો દરેક વ્યક્તિએ કરવો જ પડે છે. કોઈ સ્વેચ્છાથી સંસારનો ત્યાગ કરે છે તો કોઈની ઈચ્છા નથી હોતી તો પણ મૃત્યુ આવીને કરાવે છે. કોઈ એવો માણસ જ નથી આ જગતમાં કે જેને સંસારનો ત્યાગ કરવો ન પડે. વ્યક્તિની મરજી હોય કે ન હોય દરેક વ્યક્તિએ સંસારનો ત્યાગ કરવો જ પડે છે. પરંતુ મને એ નવાઈ લાગે છે કે તમારા અંદર એવી કઈ શક્તિ છે કે તમે ભગવાનનો ત્યાગ કરી દીધો છે ! તમારા પગે હું એટલા માટે પડું છું કે આપ મને બતાવો કે આપ આવા મહાપુરુષ કેવી રીતે થયા ? તો પેલા નાના ભાઈને એક જ વાક્યથી એટલું બધુ મનમાં લાગી આવ્યું કે તે ભક્ત બની ગયો. તો કહેવાનો અર્થ એ છે કે જીવનમાં ક્યારે ક્યો શબ્દ આપણને અસર કરી જાય છે તેની આપણને ખબર નથી. અને આપણે જે કાંઈ સાંભળીએ છીએ જે કાંઈ વાંચીએ છીએ તેને ગ્રહણ કરવાનો આધાર આપણી ચિત્તવૃત્તિ પર નિર્ભર છે. આપણી ચિત્તની વૃત્તિ જે પ્રકારની હોય છે તે પ્રમાણે આપણે ગ્રહણ કરીએ છીએ. જો સાંભળતી વખતે આપણી ચિત્તની વૃતિ તેમાં ૧૦૦% હોય તો એકવારમાં આપણું કામ પતી જાય છે. નહિ તો બે-ચાર વખત એકને એક વાત સાંભળ્યા પછી આપણા ચિત્તમાં ઉતરે છે. આપણે કથા સાંભળીએ છીએ અને પછી જે ઉગવું જોઈએ તે ઉગતું નથી. જે આનંદ પ્રાપ્ત થવો જોઈએ તે થતો નથી. તેનું કારણ શું છે ? તો કથા સાંભળતી વખતે ચિત્તને શાંત રાખવું પડે છે. તે આપણા પર નિર્ભર છે. દરિયો ક્યારેક ખૂબ શાંત હોય છે. અને ક્યારેક ખૂબ લહેરો ઉછળતી હોય છે. તો ઉછળવાનું કારણ શું છે ? તો જ્યારે પવન શાંત હોય ત્યારે દરિયો પણ શાંત હોય છે. તો આપણા મનમાં જ્યારે વિચારોરૂપી ઉથલ પાથલ સર્જાય છે ત્યારે આપણું મન અશાંત હોય છે. અને મન જ્યારે શાંત હોય ત્યારે જગતના વિચારો આવશે નહિ. અને આપણું ચિત્ત ભગવાનમાં જોડાઈ જશે. તો આપણે કથા સાંભળીએ છીએ ને પછી મનન, અમલ નથી થતો તેનું કારણ શું છે ? તો આપણે એક કાનથી સાંભળીને બીજા કાનથી કાઢી નાખીએ છીએ. જગતની અમુક વાતો એવી હોય છે કે જે એક કાનથી સાંભળીને બીજા કાનથી કાઢી નાખીએ તેમાં જ આપણું હિત હોય છે. પરંતુ આપણે સત્સંગ કરવા બેસીએ ત્યારે પરમાત્માના લીલા ચરિત્રો ઉપદેશ તે કાનથી સાંભળી અંતરમાં ઉતારવાનો પ્રયત્ન કરવો. આપણે પ્રયત્ન કરીએ ને તો કોઈની તાકાત નથી કે આપણું કલ્યાણ આપણા હાથમાંથી છીનવી શકે. માટે પ્રયત્ન કરીને ધર્મ નિયમ સત્સંગ બધુ જાળવી રાખવાનું છે. આપણને ખબર નથી કે ક્યા સમયે આપણી ચિત્તવૃત્તિ એકદમ શાંત હશે અને આપણા મગજમાં ઉતરી જશે. અને આપણા જીવનમાં અસર કરી જશે. માટે કાયમ કથા સાંભળતા રહેવાનું અને ધર્મ પણ જીવનમાં જાળવી રાખ્યો હશે તો તે આપણને આપણા જીવનમાં કઈ રીતે અને ક્યારે ઉપયોગી થશે તેની ખબર નથી માટે પ્રયત્ન કરીને આ બધું પકડી રાખવાનું છે. પરમાત્મા એવું બળ આપે કે આપ સૌ ધર્મ સહિત ભક્તિ કરી શકો તેવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

●

**સમસ્ત સત્સંગ જોગ**

**સમસ્ત સંત હરિભક્તોને જણાવવાનું જે આપના ગામ, શહેરના મંદિરોના પ્રસંગો, પારાયણો જાહેર સભા આદિ પ્રસંગોમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શોભાયાત્રા કે વરઘોડાનું હવેથી આયોજન કરવું નહી. તેની દરેક સંત-હરિભક્તોએ ખાસ નોંધ લેવી.**

**- આજ્ઞાથી**

**સૂચન**

**(૧) સંતો-હરિભક્તોની તસવીર કે નામ શરતચૂકથી આ અંકમાં મૂકવાના રહી ગયા હોય તો ક્ષમ્ય ગણશો.**

**(૨) સત્સંગ બાલ વાટિકા, પ્રશ્નપેટી, સત્સંગ સમાચાર અને ભેટની યાદી આવતા અંકમાં પ્રકાશિત થશે.**



અમદાવાદ શ્રી નરનારાયણદેવ ટેમ્પલ બોર્ડના સભ્યશ્રીઓ









## પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદ સહ પ્રેરણાથી શ્રી નરનારાયણદેવ મહામહોત્સવ પ્રસંગે 'શ્રી સ્વામિનારાયણ માસિક'ના આજીવન સભ્યોને સૌજન્ય ભેટ આપનાર શ્રીહરિના લાડીલા હરિભક્તો

- અ.નિ. પ.ભ. શિવજી ધનજી પિંડોરીયા ધ.પ. વાલબાઈ શિવજી પિંડોરીયા હ. પ.ભ. માવજી શિવજી પિંડોરીયા ધ.પ. પ્રેમીલાબેન માવજી પિંડોરીયા અનિષ, જૈનિકા તિલક. આથમણું સુખપર (કચ્છ) વુલવીચ
- પ.ભ. કાંતિલાલ કેશરા ભૂડીયા ધ.પ. જસવંતીબેન કાંતિલાલ ભૂડીયા ફોટડી (કચ્છ) ઈસ્ટ લંડન
- પ.ભ. કે.કે. જેસાણી બળદિયા કચ્છ-વિલ્સડન
- પ.ભ. જેઠાલાલ સવાણી લંડન - કેરા (કચ્છ)
- પ.ભ. ડાહ્યાભાઈ ચેલાભાઈ બૂટીયા - કાલીયાણા
- પ.ભ. અ.નિ. ચંદ્રિકાબેન નવિનચંદ્ર મારફતીયા હ. ઘનશ્યામ કેડીઝ કંટકી અમેરિકા
- પ.ભ. મહાદેવભાઈ ચતુરભાઈ પટેલ (ધરમપુરવાળા) અમદાવાદ. હ. સંદિપ પટેલ
- પ.ભ. અરવિંદભાઈ સોમાભાઈ પટેલ મોખાસણવાળા-ફ્લોરિડા
- પ.ભ. પ્રવિણભાઈ ચતુરદાસ પટેલ - માણસા
- પ.ભ. દેવન્દ્રભાઈ નરસીભાઈ ડોડીયા હ. અ.સૌ. હંસાબેન - બોપલ
- પ.ભ. ભીખુભાઈ જેઠુભાઈ મોરી - કાલીયાણા
- પ.ભ. ડૉ. જી.કે. પટેલ હ. કુસુમબેન - મહેસાણા
- પ.ભ. મધુભાઈ ગોરધનભાઈ લાઠીયા - અમદાવાદ
- પ.ભ. અરવિંદભાઈ પી. ઠક્કર શિતલ મોટર્સ
- એક હરિભક્ત બહેન
- એન. દેસાઈ પેપર પ્રા.લી. - અમદાવાદ
- પ.ભ. અતુલભાઈ પોથીવાલા - અમદાવાદ
- પ.ભ. જતીનભાઈ પટેલ - કાંકરિયા
- પ.ભ. બૂટીયા રામુબેન દેવુભાઈ - કાલીયાણા
- અ.નિ. અશ્વિનભાઈ ધીરૂભાઈ પરમાર - જાંબુડાવાળા બીજી પુણ્યતિથિ નિમિત્તે હ. પ.ભ. રમેશભાઈ મેવાડા (કોન્ટ્રાકટર) - અમદાવાદ
- પ.ભ. જીજ્ઞેશ પટેલ - અમદાવાદ (લંડન)
- પ.ભ. કાંતિભાઈ નરસિંહભાઈ પટેલ (દેવપુરાવાળા)
- પ.ભ. અમૃતભાઈ કાલીદાસ પટેલ - ગુલાબપુરા
- પ.ભ. ડૉ. નટુભાઈ પટેલ - બોપલ
- પ.ભ. પ્રવિણભાઈ મંગળદાસ પટેલ - અમદાવાદ ચિ. હિરલ, કેયુર, પૌત્રી કનિષ્કાના જન્મ દિને
- પ.ભ. ધનજીભાઈ એચ. હિરાણી - ભુજ (કચ્છ)
- પ.ભ. માવજીભાઈ કરશન સભાડીયા - ભુજ (કચ્છ)
- પ.ભ. હિરજીભાઈ કુવરજી રાબડીયા - સરલી (કચ્છ)
- પ.ભ. શામજી કુવરજી રાબડીયા - સરલી (કચ્છ)

### શ્રી નરનારાયણદેવ મહોત્સવ પ્રસંગે વચનામૃત (અંગ્રેજી)નું પ્રકાશન

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત સ્વામી અને બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજીની પ્રેરણાથી શ્રી નરનારાયણદેવ મહોત્સવ પ્રસંગે આપણા કેરા (કચ્છ)ના (હાલ લંડન) પ.ભ. જેઠાલાલ સવાણી દ્વારા સંપાદિત અંગ્રેજી વચનામૃતનું સુંદર પ્રકાશન કરવામાં આવ્યું છે. પ.ભ. જેઠાલાલ દ્વારા પ.ભ. પ્રશાંતભાઈ ચંદુભાઈ સોની - લંડન તરફથી સૌજન્ય ભેટ મળતા આવું અલૌકિક પુસ્તક ફક્ત રૂા. ૫૦/- માં અમદાવાદ મંદિરના સાહિત્ય કેન્દ્ર પર મળશે.

### શ્રી નરનારાયણદેવ મહોત્સવમાં નવા નોંધાયેલ આજીવન સભ્યોને સૂચન

શ્રી નરનારાયણદેવ મહોત્સવમાં શ્રી સ્વામિનારાયણ માસિકના જે આજીવન સભ્યો થયા છે તેમને જે તે વખતે પહોંચમાં સભ્ય નંબર આપેલ પણ શરત ચૂકથી તે નંબરના બદલે **હવે આપને જે અંક આવે તેના પ્લાસ્ટીકના કવર પર લગાડેલ સ્ટીકરમાં જણાવેલ નંબર કાયમી છે.** તેની ખાસ નોંધ લેવી.

-સંચાલકશ્રી

# સમાચારપત્રોની નજરે

## અમદાવાદ

ઉત્સવ | ધર્મ સાથે સમાજ કલ્યાણના કાર્યો કરાશે

# શહેરમાં પાંચ દિવસીય નરનારાયણ દેવ મહોત્સવ: 5 લાખ ભક્તો જોડાશે

ભાસ્કર ન્યૂઝ, અમદાવાદ

સ્વામિનારાયણ સંપ્રદાયના સૌથી પ્રાચીન સ્વામિનારાયણ મંદિર, કાલુપુર દ્વારા પાંચ દિવસીય નરનારાયણદેવ મહોત્સવનું આયોજન 24થી 28 ડિસેમ્બર દરમિયાન કરાયું છે.

આ પ્રસંગે ભગવાન સ્વામિનારાયણે આજથી 192 વર્ષ પહેલા જે મંદિર બંધાવી તેમાં ...

### મહોત્સવમાં ધાર્મિક આયોજનો



## અમદાવાદ

નરનારાયણ દેવ મહોત્સવ | 33 હજારથી વધુ મહિલાઓને મુખ્યમંત્રીનું સંબોધન

# 'રાજ્યમાં દીકરીઓનો જન્મદર વધ્યો'

■ મહોત્સવના ત્રીજા દિવસે મહિલા દિનની ઉજવણી

ભાસ્કર ન્યૂઝ, અમદાવાદ

### કાલુપુર મંદિરે મહાઆરતી યોજાઇ

### મોટેરામાં મહિલા દિન મનાવાયો









# નરનારાયણ મહોત્સવમાં પરિવાર દિન ઊજવાયો, આજે અન્નકૂટ

ભાસ્કર ન્યૂઝ, અમદાવાદ

નરનારાયણ દેવ મહોત્સવના ચોથો દિવસ પરિવાર દિન તરીકે ઉજવાયો હતો. પધારેલા મહેમાનોએ તથા વક્તાઓએ પરિવારનો મહિમા કાર્યક્રમમાં વર્ણવ્યો હતો. શનિવારે સવારે મોટેરા ગામમાં આવેલા પ્રાચિન હનુમાન મંદિરેથી મહોત્સવ સ્થળ સુધી શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. શોભાયાત્રામાં લાલજી મહારાજ અને મહંતો જોડાયા હતાં. શનિવારના રોજ 25થી 30 બટુકોને જનોઇ પણ આપવામાં આવી હતી. મહોત્સવમાં ભાજપના નેતાઓ પણ આવી પહોંચ્યા હતાં. તેઓએ પણ તેમના પ્રવચનમાં પરિવારનું મહત્વ હરિભક્તોને સમજાવ્યું હતું. ... હરિભક્તો આ ...



કાલુપુર મંદિરે શનિવ...


મહોત્સવના દર્શન ... રહ્યા છે. ... મંદિર ખાતે ... વર્ષી નરનારાયણદેવનો અભિષેક કરવામાં આવશે. બપોરે ભગવાનને ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવશે.

# શ્રીનરનારાયણદેવ મહોત્સવ સંપન્ન 5 દિવસમાં 7 લાખ ભાવિકો ઉમટ્યા

નવગુજરાત સમય > અમદાવાદ

શહેરના મોટેરા ખાતે બુધવારથી શરૂ થયેલા 'શ્રીનરનારાયણ દેવ મહોત્સવ'ની રવિવારે ધર્મકુળ- આચાર્ય કોશલેન્દ્રપ્રસાદજી, પૂ.તેજેન્દ્રપ્રસાદજી અને વ્રજેન્દ્રપ્રસાદજીની નિશ્રામાં પૂર્ણાહુતિ થઇ હતી. આ પ્રસંગે કાલુપુર-સ્વામિનારાયણ મંદિર ખાતે ભવ્ય અન્નકૂટનું આયોજન થયું હતું. જેમાં મોટી સંખ્યામાં ભક્તો દર્શનાર્થે ઉમટી પડ્યા હતા.

આ પ્રસંગે આચાર્ય કોશલેન્દ્રપ્રસાદજી મહારાજે કહ્યું કે આપણે બધા જ એક પરિવાર તરીકે એકતા, સંગઠન સાથે રહેવાનું છે. ઉપરાંત, આ જે મહોત્સવ સુખપૂર્વક સંપન્ન થયો છે, તે પણ શ્રીનરનારાયણદેવનાં આશીર્વાદ છે. સાથે જ મહોત્સવમાં જે રીતે આરોગ્ય, પર્યાવરણ, સ્વચ્છતા વગેરે ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો, તે જ રીતે તેને આપણે દૈનિક રીતે અપનાવીને પર્યાવરણ જાળવણી, સ્વચ્છતા અને આરોગ્યની કાળજી રાખવાની છે. સર્વના સહયોગથી મહોત્સવ સંપન્ન થયો છે ત્યારે પ્રજાના ... વિશ્વશાંતિ માટે પણ પ્રાર્થના કરી છે અને બધે જ સુખ-શાંતિ પ્રવર્તે.



કાલુપુર સ્વામિનારાયણ મંદિર ખાતે અન્નકૂટ દર્શન માટે ભક્તોની ભીડ જામી

આ અંગે વિગતો આપતાં આનંદપ્રસાદ સ્વામીએ જણાવ્યું કે મહોત્સવનાં પાંચ દિવસ દરમિયાન લગભગ સાત લાખ જેટલા દર્શનાર્થીઓ ભારતભરમાંથી અને વિદેશોથી આવ્યા હતા. જ્યારે અહીં યુવા માટે જે વિશિષ્ટ આયોજન હતું, તેમાં પણ દોઢ લાખ લોકોએ દર્શન કર્યા હતા. જ્યારે ત્રિદિવસીય મહાવિષ્ણુયાગનાં પણ મોટી સંખ્યામાં લોકોએ દર્શન કર્યા હતા. આ પ્રસંગે રાજ્યભરમાંથી સાધુ-સંતો, મહંતો ઉપસ્થિત રહ્યાં હતાં. જ્યારે રાજકીય, સામાજિક અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

તેમણે કહ્યું કે શ્રીનરનારાયણદેવને જે અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો તેનાં દર્શન માટે લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. સાથે જ જિર્ણોદ્ધાર થયેલા સુવર્ણ સિંહાસનનાં પણ લોકોએ દર્શન કર્યા હતા અને ધન્યતાનો અનુભવ કર્યો હતો.

**નવગુજરાત સમય**

## સ્વામિનારાયણ મંદિર કાલુપુરનો પાંચ દિવસના નરનારાયણ દેવ મહોત્સવમાં

# NRI હરિભક્તો માટે હાઇજીનિક પ્રસાદ

ભાસ્કર ન્યૂઝ . અમદાવાદ



સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રાચીન સ્વામિનારાયણ મંદિર, કાલુપુર દ્વારા પાંચ દિવસીય નરનારાયણદેવ મહોત્સવનો પ્રારંભ બુધવારના રોજ થયો છે. પૂ.આચાર્ય 1008 કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ તથા પૂ. મોટામહારાજ તેજેન્દ્રપ્રસાદજી … તેજેન્દ્રપ્રસાદજી … તમામને રહેવા માટે અમદા…

હોટલ અને ટેક્સીની સુવિધા કરી આપવામાં આવી છે. તેમના માટે મહોત્સવના સ્થાને ખાસ હાઇજીનિક પ્રસાદ આપવામાં આવે છે. આજે … બહેન પટેલ … આવવાના છે. … ર મહિનામાં … એનઆરઆઇ …

અમદાવાદમાં આવતા હોય છે. તેની સાથોસાથ હાલમાં ધનુર્માસ ચાલતો હોઇ લગ્ન જેવા શુભકાર્યો પણ થઇ શકતા ન હોવાથી મોટી સંખ્યામાં એનઆરઆઇ હરિભક્તો આ મહોત્સવમાં ભાગ લઇ રહ્યા છે. તેમની સગવડ સાચવવાના હેતુથી મોટેરા ગામ ખાતે જ્યાં મહોત્સવ શરૂ યોજવામાં આવ્યા છે ત્યાં ખાસ વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. જેમાં એનઆરઆઇ ભક્તોને ફાવે તેવો પ્રસાદ રોજ જમણમાં … આવામ…

### અલગથી રસોડાની વ્યવસ્થા કરાઇ છે

NRIની સુવિધા માટે મહોત્સવ સ્થળ પર અલગથી રસોડું ઊભું કરાયું છે. તેમાં વધારે તળેલું કે તીખું જમવાનું બનાવાતું નથી. મરી-મસાલા તથા બીજા ખાદ્યપદાર્થો સિવાયનું શુદ્ધ સાત્વિક અને હાઇજેનિક જમવાનું ખાસ બનાવાયું છે. વિદેશથી આવેલા હરિભક્તો માટે કુલ 37 હોટેલો બુક કરાઇ છે.

» સમીરભાઇ વકીલ, હરિભક્ત

# સમાચારપત્રોની નજરે

**ગુજરાત સમાચાર**


મોટેરામાં યો… મહોત્સવમાં પાંચ લાખ હરિભક્તો ભાગ લેશે

## આજથી પાંચ દિવસીય 'નરનારાયણદેવ મહોત્સવ'નું ભવ્ય આયોજન

અમદાવાદ, મંગળવાર

કાલુપુર ખાતે આવેલા સ્વામિનારાયણ મંદિર દ્વારા બુધવારથી પાંચ દિવસીય 'નરનારાયણદેવ મહોત્સવ'નો પ્રારંભ થશે. ભગવાન સ્વામિનારાયણે આજથી ૧૯૨ વર્ષ અગાઉ જે મંદિર બંધાવી તેમાં શ્રી નરનારાયણ દેવ પધરાવ્યા હતા તે મંદિરનો જિર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે. આ મહોત્સવ દરમિયાન જિર્ણોદ્ધારિત મંદિર, નૂતન સુવર્ણ સિંહાસનનું ઉદ્‌ઘાટન કરાશે. ૨૮ ડિસેમ્બર સુધી યોજનારો આ મહોત્સવ મોટેરા ગામ ખાતે આવેલા નરનારાયણ નગર ખાતે ઉજવવામાં આવશે. આ મહોત્સવમાં દેશ-વિદેશથી પાંચ લાખ હરિભક્તો ભાગ લેશે. આચાર્ય ૧૦૦૮ કૌશલેન્દ્રપ્રસાદજી તથા મોટા મહારાજ તેજેન્દ્રપ્રસાદજી મહારાજની નિશ્રામાં આયોજિત આ ભવ્ય મહોત્સવમાં માત્ર ધર્મલક્ષી કથા પારાયણ-યજ્ઞ-ભજન-ભક્તિ જ નહીં પરંતુ સમાજ કલ્યાણ-ઉત્થાનના પણ કાર્યો થશે. બુધવારે સવારે પોથીયાત્રા નીકળશે. મહોત્સવના પાંચેય દિવસ દરમિયાન વિવિધ દિવસની ઉજવણી કરવામાં આવશે. બુધવારે આરોગ્ય, ગુરુવારે પર્યાવરણ, શુક્રવારે મહિલા, શનિવારે પરિવાર દિન તરીકે ઉજવવામાં આવશે. શનિવારે નરનારાયણ દેવ યાત્રાનું આયોજન કરાયું છે. રવિવારે કાલુપુર મંદિર ખાતે બપોરે ૧૨:૦૦થી ૩:૦૦ હરિ… અન્નકૂટ ધરાવવામાં આવશે. આ અન્નકૂટનો પ્રસાદ તમામ આશ્રમો, માનસિક વિકલાંગ બાળકોની સંસ્થાઓમાં વહેંચવામાં આવશે.

… હતી … અગાઉ ૨૩મી … થવાની શક્યતા … તૈયાર … ટેકનિકલ ખામીઓને …



કાલુપુર મંદિરે શનિવારે …

મહોત્સવના દર્શન કરવા… રહ્યા છે. રવિવાર… મંદિર ખાતે વહેલ… વર્ષી નરનારાયણ… કરવામાં આવશે. … ભવ્ય અન્નકૂટ ધર…

**દિવ્ય ભાસ્કર**

## કાલુપુર સ્વામિનારાયણ મંદિરમાં ભગવાનને છપ્પનભોગ ધરાવાયો



ભાસ્કર ન્યૂઝ. અમદાવાદ

નરનારાયણ દેવ મહોત્સવનો અંતિમ … દિવસ રવિવારના રોજ યોજા… હતો. મોટેરા ગામ ખાતે … દિવસે મહોત્સવમાં ભાગ … માટે હજારોની સંખ્યામાં હરિ… અમદાવાદ શહેર અને આસ… વિસ્તારોમાંથી આવી … હતાં. સ્વામિનારાયણ સાધુઓ … ગુજરાતભરના આવ્યા હતાં. મોટેરા ગામ ખાતે આવ્યા હતાં. આ પ્રસંગે કાલુપુર મંદિરમાં મંગળા આરતી નરનારાયણ દેવની મંગળા આરતી … સવારે ૬.૩૦થી ૭ … કરાઇ હતી. ભગવાન પર અભિષેક … દરમિયાનમાં ભગવાન પર અભિષેક કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સવારે શણગાર આરતી કરવામાં આવી હતી. બપોરે કાલુપુર મંદિર ખાતે ભગવાન સ્વામિનારાયણ અન્નકૂટ ધ… છપ્પનભોગ … આવ્યો હતો. હજારોની … હરિભક્તો અન્નકૂટના … માટે આવી પહોંચ્યા … હરિભક્તોને મહિલા … મંદિરમાં દર્શન કરવા … દેવાયા હતાં.

## કાલુપુર મંદિરે મહાઆરતી યોજાઇ

**સ્વામિનારાયણ** કાલુપુર મંદિરે શુક્રવારના રોજ વિશિષ્ટ શણગાર કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે હજારો દીવડાઓની આરતી પણ કરાઇ હતી. મહોત્સવ સ્થળ પર નરનારાયણદેવ મહિલા મંડળના બહેનો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

# ભોજન-પ્રસાદ



# ભોજનપ્રસાદ



**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.




# मानवंता महेमानो






Registered under RNI-GUJ Guj /2007/20221 "Permitted to post at Ahd. PSO on 11 the every month under postal REG. No. GAMC. - 003/15-17 issued ssp Ahd Valid up to 31-12-2017 Licenced to Post without pre payment No. CPMG/GJ/01/2015 valid up to 31-12-2017









૧. શ્રી નરનારાયણદેવ મહોત્સવ પ્રસંગે આયોજીત બ્લડ ડોનેશન કેમ્પમાં બ્લડ ડોનેટ કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.લાલજી મહારાજશ્રી ૨. મહિલાદિન નિમિત્તે ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલને "સ્ત્રી સશક્તિકરણ" યોજના માટે રૂા. ૧૧લાખ નો ચેક અર્પણ કરતા પ.પૂ. શ્રીરાજા.

Praful Kharsani